કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

સાપ્તાહિક

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૨૧ એપ્રિલ, ૨૦૨૪ રવિવાર
કિમત રૂા.૨/-

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

♦અંક નંબર : ૪૯ ♦વર્ષ : ૩૦ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦RNI No. 97708♦ સંવત ૨૦૮૦ ♦ચૈત્ર સુદ-૧૩♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# રાજસ્થાનમાં ગોઝારો અકસ્માત : ૯ના મોત

(એજન્સી દ્વારા) જયપુર : રાજસ્થાનના ઝાલાવાડમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. વાન અને ટ્રક વચ્ચે ટક્કર થતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. અકસ્માત બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ઘટનાની માહિતી મેળવી હતી. પોલીસનું કહેવું છે કે અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકો મધ્યપ્રદેશથી આવી રહ્યા હતા. હાલ મૃતદેહોને કબ્જે કરીને પોસ્ટમોર્ટમમાં રાખવામાં આવ્યા છે. આ ઘટના અંગે મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ એસપી રિચા તોમરે જણાવ્યું કે આ દુખદ અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. અહીં પૂરઝડપે મારુતિ વાન અને ટ્રક-ટ્રોલી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે અકસ્માતનો ભોગ બનેલા લોકો મધ્યપ્રદેશથી લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. જ્યારે આ લોકો ઝાલાવાડમાં નેશનલ હાઈવે પર અકલેરા નજીક પહોંચ્યા ત્યારે આ ભયાનક અકસ્માત થયો.વાન અને ટ્રક-ટ્રોલી વચ્ચે અથડાયા બાદ કારના ભુક્કા થઈ ગયા હતા. અકસ્માતની તસવીરો પરથી અંદાજ લગાવી શકાય છે કે ઘટના કેટલી ભયાનક હતી. જ્યારે આસપાસના લોકોએ તેને જોયો ત્યારે તેઓ તાત્કાલિક મદદ માટે સ્થળ પર દોડી આવ્યા હતા અને સ્થાનિક પોલીસને જાણ કરી હતી. પીડિતોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા ત્યાં સુધીમાં તેઓ મૃત્યુ પામ્યા હતા. અકલેરા પોલીસ આ મામલે વધુ કાર્યવાહી કરી રહી છે. આ ઘટના અંગે મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા બાદ



આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## બીજા તબક્કાની ચૂંટણીમાં ઉતરેલા ઉમેદવારોની કર્મ કુંડળી, ૩૯૦ કરોડપતિ, ૧૬૭ સામે ગંભીર ગુનાના કેસ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન થઈ ગયું છે, હવે બીજા તબક્કાનું ૨૬મી એપ્રીલે મતદાન થશે. જોકે બીજા તબક્કામાં જે પણ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, તેમાં દર સાતમાંથી એક ઉમેદવારની સામે ગંભીર ગુનાના કેસો છે. જ્યારે દર ત્રણમાંથી એક કરોડપતિ છે. આ માહિતી ચૂંટણીઓ પર કામ કરતી સંસ્થા અસોસિએશન ફોર ડેમોક્રેટિક રાઈટ્સના રિપોર્ટમાં સામે આવી છે. બીજા તબક્કાના ૧૧૯૮માંથી ૧૧૯૨ ઉમેદવારો પર આ અભ્યાસ હાથ ધરાયો હતો.

૨૬મી એપ્રીલે બીજા તબક્કાનું મતદાન થશે, જેમાં ઉમેદવારી નોંધાવનારા ઉમેદવારોમાં દર સાતમાંથી એક સામે ગંભીર ગૂનાના કેસ ચાલી રહ્યા છે. એડીઆરના જણાવ્યા મુજબ ૧૬૭ ઉમેદવારો સામે ગંભીર ગુનાના કેસો ચાલી રહ્યા છે. જેમાં ત્રણ ઉમેદવારો સામે હત્યા, ૨૪ સામે હત્યાનો પ્રયાસ, ૨૫ ઉમેદવારો સામે મહિલાઓ સામેના અપરાધ અને ૨૧ સામે ઉશ્કેરણીજનક ભાષણનો કેસ ચાલી રહ્યો છે. ૩૨ ઉમેદવારોને તેમની સામે દાખલ ગુનામાં ગુનેગાર પણ જાહેર કરી દેવામાં આવ્યા છે.

ગંભીર ગુનાના કેસો ચાલી રહ્યા છે તેવા ઉમેદવારોની પક્ષો સાથે સ્થિતિ પર નજર કરીએ તો ભાજપના ૨૧, કોંગ્રેસના ૨૨, સીપીઆઈ(એમ)ના ૭, સપાના બે અને જદ(યુ)ના એક, શિવસેના (યુબીટી)ના એક ઉમેદવારનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં આવનારા ૪૫ મતવિસ્તારોને રેડ એલર્ટની કેટેગરીમાં રાખવામાં આવ્યા છે, જ્યાં ત્રણથી ચાર ઉમેદવાર સામે ક્રિમિનલ કેસો ચાલી રહ્યા છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર બીજા તબક્કામાં ૩૯૦ જેટલા કરોડપતિ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં ૬૪ કરોડપતિ ઉમેદવારો સાથે ભાજપ આગળ છે. જ્યારે કોંગ્રેસના પણ ૬૨ કરોડપતિ ઉમેદવારો મેદાનમાં છે. અન્ય પક્ષો પર નજર કરીએ તો સીપીઆઈ (એમ)ના ૧૨, જદ(યુ)ના ૫, શિવસેના (યુબીટી)ના ૪, સમાજવાદી પાર્ટી (સપા)ના ૪ અને ટીએમસીના પણ ચાર ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ તમામ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ એક ઉમેદવાર દીઠ ૫.૧૭ કરોડ રૂપિયા છે. જ્યારે કોંગ્રેસના કરોડપતિ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ૩૯.૭૦ કરોડ અને ભાજપના ઉમેદવારોની ૨૪.૬૮ કરોડ રૂપિયા છે.

કોંગ્રેસના માંડ્યાના ઉમેદવાર સ્ટાર ચંદ્ર પાસે સૌથી વધુ ૬૨૨.૯૭ કરોડ રૂપિયાની સંપત્તિ છે, બેંગલુરુ ગ્રામીણના ઉમેદવાર ડી કે સુરેશ પાસે ૫૯૩.૦૫ કરોડ રૂપિયાની, જ્યારે ભાજપના મથુરાના ઉમેદવાર અને અભિનેત્રી હેમા માલિની પાસે ૨૭૮.૯૩ કરોડ રૂપિયાની સંપત્તિ છે. જ્યારે બીજી તરફ મહારાષ્ટ્રના નાંદેડના એક અપક્ષ ઉમેદવાર પાસે માત્ર ૫૦૦ રૂપિયા હોવાનું તેમણે જાહેર કર્યું છે.

જ્યારે સૌથી ઓછી રકમવાળા બીજા ઉમેદવાર તરીકે કાસરગોડના રાજેશ્વરી પાસે માત્ર ૧૦૦૦ રૂપિયા અને અમરાવતીના ઉમેદવાર એડવોકેટ પૃથ્વી સમ્રાટ પાસે પણ માત્ર ૧૪૦૦ રૂપિયા હોવાનું તેઓએ જાહેર કર્યું છે.

### કુછ ભી હો શકતા હૈ!

## રાજકોટની બેઠકમાં વિધાનસભાના ધોરણે મત પડે તો શું થાય? રૂપાલા વિવાદથી રસપ્રદ રાજકીય સમીકરણો

**ક્ષત્રિય સમાજ સંપૂર્ણ ભાજપની વિરૂધ્ધમાં જાય અને કડવા-લેઉવાનો થોડોઘણો 'વાદ' સર્જાય તો મોટો પ્રત્યાઘાત પડી શકે : ૨૦૨૨માં રાજકોટ સંસદીય મતક્ષેત્રની સાત વિધાનસભા બેઠકોમાં ભાજપના કુલ મત ૬,૭૪,૦૬૯ તથા કોંગ્રેસ આપના ૬,૦૧,૨૫૯ હતા : આ વખતે કોંગ્રેસ-આપનું જોડાણ હોવાથી ભાજપ સાથે સીધો જંગ છેઃ સાતમાંથી ચાર વિધાનસભા ક્ષેત્રમાં સંયુક્ત મત ભાજપ કરતાં વધુ : ભાજપ તથા કોંગ્રેસ આપ વચ્ચેના મતનું અંતર માત્ર ૭૩૦૦૦**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : ચૂંટણી પૂર્વે જ ક્ષત્રિય સમાજ સાથેના વિવાદમાં સપડાયેલા ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા જ ચૂંટણી જંગમાં હોવાનું નિશ્ચિત થઈ ગયું છે ત્યારે હવે રાજકોટની બેઠકના રાજકીય સમીકરણો, સ્થિતિ અને સંભવિત પરિણામો વિશે ચર્ચા-અટકળો જોર પકડવા લાગી છે. સામાન્ય ગણિત પણ મુકાવા લાગ્યા છે. ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે.

વિધાનસભાની ચૂંટણીના મતના આંકડા મુજબ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના (આપ)ના મત ઉમેરીને ભાજપના મતની સરખામણી કરવામાં આવે તો રાજકોટની સંસદીય બેઠક પર ભાજપની લીડનો આંકડો માત્ર ૭૩૦૦૦ આસપાસનો રહી શકે છે. ક્ષત્રિય તથા લેઉવા-પાટીદાર ફેક્ટરની કોઈ અસર પડે તો કેવા સમીકરણો ઉભા થાય? તેવી અટકળો જોર પકડવા લાગી છે.

ક્ષત્રિય સમાજ સામેના વિવાદાસ્પદ વિધાનો મામલે રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે મોરચો ખોલવામાં આવ્યો હતો. ટીકીટ રદ કરવાની માંગ કરવામાં આવી હતી. ભાજપ દ્વારા ઉમેદવાર બદલાવવામાં આવ્યા નથી ત્યારે ક્ષત્રિય સમાજે આંદોલન પાર્ટ-ટુનું એલન કરી દીધું છે. રાજ્યભરમાં ભાજપ વિરોધી મતદાન તથા આંદોલનની ઘોષણા કરવામાં આવી છે. ક્ષત્રિયોના આંદોલનની સંભવિત અસર પર ભાજપની વોચ રહેવાનું સ્પષ્ટ છે. કેવીક અસર રહે છે તે તો પરિણામ પછી જ સ્પષ્ટ થશે પરંતુ અત્યારે વિવિધ અટકળોનો દોર ચાલુ થયો છે.

રાજકીય વિશ્લેષકો માત્ર રૂપાલા વિવાદને જ ફેક્ટર નથી ગણતા પરંતુ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પછીના બદલાયેલા રાજકીય સમીકરણોને પણ લક્ષ્યમાં લેવા માંડ્યા છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ હતો. રાજકોટ જીલ્લાની તમામ સાત બેઠક પર ભાજપે જીત મેળવી હતી. આમ આદમી પાર્ટીએ પણ ઝુકાવ્યું હતું એટલે ભાજપ-કોંગ્રેસના હજારો મત કપાયા હતા. આ વખતે

અનુસંધાન પાના નં.૪ પર

## મુરાદાબાદ લોકસભા સીટ પર ફરીથી ચૂંટણી થશે?

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ઉત્તર પ્રદેશની મુરાદાબાદ લોકસભા સીટના BJPના ઉમેદવાર કુંવર સર્વેશ સિંહનું શનિવારે સાંજે અવસાન થયું હતું. તેમણે ૭૧ વર્ષની વયે દિલ્હી એઈમ્સમાં સાંજે ૬:૩૦ કલાકે અંતિમ શ્વાસ લીધા હતા. જ્યારે કુંવર સર્વેશને ભાજપ માંથી ટિકિટ મળી, ત્યારથી તેઓ હોસ્પિટલમાં દાખલ હતા.કુંવર સર્વેશ કેન્સરથી પીડિત હતા. લોકસભા



ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ આ સીટ પર શુક્રવારે ૧૯ એપ્રિલે મતદાન થયું હતું.મોદીએ પણ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે, 'તેમનું નિધન પાર્ટી માટે અપુરતી ખોટ છે.'

સર્વેશ સિંહના નિધનની માહિતી સામે આવતાં જ રાજકીય વર્તુળોથી લઈને સામાન્ય લોકોમાં એક પ્રશ્ન ચર્ચાનો વિષય બન્યો છે. વાસ્તવમાં કુંવર સર્વેશ સિંહ ભાજપના ઉમેદવાર હતા. મુરાદાબાદ બેઠક પર પણ ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં મુરાદાબાદ બેઠક પર

અનુસંધાન પાના નં.૪ પર

## ઉ.કોરિયાએ ફરી ચોંકાવ્યાં

(એજન્સી દ્વારા)

સીઉલ : ઉત્તર કોરિયાએ તેના સુપર-લાર્જ-વૉરહેડવાળા ક્રૂઝ અને વિમાન વિરોધી મિસાઈલ્સનાં સફળ પરિક્ષણ કરી ફરી એકવાર દુનિયાને ચોંકાવી દીધી છે. રશિયા-યુક્રેન યુદ્ધ, ચીન-તાઈવાન સંઘર્ષ અને ઈઝરાયલ-હમાસ, તથા ઈઝરાયલ- ઈરાન યુદ્ધને લીધે વિશ્વમાં ત્રીજા વિશ્વ યુદ્ધનો ભય વધી રહ્યો છે. તે સમયે ઉત્તર કોરિયાએ કરેલા

**સૌથી ખતરનાક ક્રૂઝ અને વિમાનવિરોધી મિસાઈલનું પરીક્ષણ કરતાં ખળભળાટ**

આ પરિક્ષણોએ દુનિયામાં ભય ફેલાવી દીધો છે. ઉ.કોરિયાએ શનિવારે કહ્યું હતું કે, તેણે પશ્ચિમ તટીય ક્ષેત્રમાં એક પ્રબળ ક્રૂઝ મિસાઈલ અને એક વિમાન વિરોધી મિસાઈલનું પરિક્ષણ સફળ રીતે કર્યું છે.

કીમ-જોંગ-ઉન સતત તેની યુદ્ધ શક્તિ વધારી રહ્યા છે. શુક્રવારે તેના સરકારી મીડીયાએ તેની ખબરમાં જણાવ્યું હતું કે, વ્હાસલ-૧, રા-૩ ક્રૂઝ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું છે. તે સાથે પ્લોજી-૧-૨ વિમાનરોધક મિસાઈલ્સનું સફળ પરિક્ષણ કર્યું છે. કોરિયન સેન્ટ્રલ ન્યુઝ એજન્સી દ્વારા પ્રસિદ્ધ કરાયેલી

અનુસંધાન પાના નં.૪ પર

## ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે મોટી આગાહી

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે સોનુ હજી પણ વધારે મોંઘુ થવાનું અનુમાન છે. જો કે સોનું કઈ હદ સુધી તેની કિંમતમાં વધારો થઈ શકે છે તે અંગે નિષ્ણાંતોએ ચોંકાવનારો આંગડો આપ્યો છે. જિયોપોલિટિકલ ટેંશન અને અમેરિકી ફેડ રિઝર્વના આંકડા આવ્યા બાદ સોનાના ભાવ દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યું છે.માત્ર એપ્રીલમાં જ સોનાની કિંમતમાં ૭ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી વધી ચુક્યા છે. ગોલ્ડના ભાવમાં રેકોર્ડ વધારાને જોતા હીરાના રોકાણકારો પણ હવે ગોલ્ડ પર દાવ લગાવવા લાગ્યા છે. બીજી તરફ એક્સપર્ટ્સનું કહેવું છે કે, ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે સોનું હજી પણ મોંઘુ થઈ શકે છે. જોકે તમને શું ખબર છે કે સોનું ક્યાં સુધી જશે? સીએનબીસી આવાજના રિપોર્ટ અનુસાર વિઘ્નહર્તા ગોલ્ડના મહેન્દ્ર લુનિયાએ જણાવ્યું

અનુસંધાન પાના નં.૪ પર

## મોંઘવારીનો ડામ : એક પછી એક જીકાતો ભાવ વધારો! પ્રજાજનોની સહનશકિતની હજુ'ય કેટલી થશે કસોટી...!

ગાંધીધામ : ફુગાવામાં રાહત જાહેર થતી હોવા છતાં આવશ્યક કે જરૂરીયાતની બની ગયેલી ચીજોના ભાવમાં વધારો ચાલુ જ છે.કાર, ટીવી, મોબાઈલ ફોન જેવી પ્રોડક્ટો મોંઘી થવા લાગી છે. કાચી સામગ્રીમાં ભાવ વધારાથી તે મોંઘી થયાની ઉત્પાદકોની દલીલ છે. કોપર, એલ્યુમીનીયમ, મેમરી ચીપ્સ, ડીસપ્લે પેનલ, વગેરે મોંઘી થવાની સાથોસાથ કરન્સી માર્કેટમાં રૂપિયો નબળો પડતા બેવડો માર છે.મારૂતી સુઝુકી, હોન્ડા કાર્સ, ટોયોટા, કિયા જેવી કાર ઉત્પાદક કંપનીઓએ જાણીતા મોડેલોમાં ૩ ટકા સુધીનો ભાવ વધારો લાગુ કર્યો છે.કાચા માલનાં ભાવ વધારા તથા માર્કેટની મુવમેન્ટનું કારણ આપ્યું છે. જોકે, કેટલાંક કાર વિક્રેતા સ્ટોક હળવો કરવાના ઈરાદે ડીસ્કાઉન્ટ ઓફર કરી રહ્યા છે.ઈલેકટ્રોનિકસ ક્ષેત્રમાં સ્માર્ટફોનમાં સીંગલ ડીજીટલનો ભાવ વધારો છે.મેમરી ચીપ્સ તથા ડીસપ્લે પેનલ મોંઘા થવાનું કારણ અપાય છે.હજુ બે-ત્રણ ટકાનો ભાવ વધારો તોળાય રહ્યો છે. મેમરી ચીપ્સ તથા ડીસ્પ્લે પેનલને કારણે છે. નવા લોન્ચ થનારા કોમ્પ્યુટરમાં પણ ભાવ વધારાનો ડામ લાગી શકે છે. કોમ્પ્યુટરના જુના મોડેલોમાં ડીસ્કાઉન્ટ ઓફર અટકાવી દેવામાં આવી છે. સ્માર્ટ ફોનના જુના મોડેલમાં પણ સમાન સ્થિતિ છે.માર્ચના ત્રિ-માસીક ગાળામાં પેનલ મોંઘી થતા અનેક નાના ટેલીવીઝન બ્રાંડમાં ૫ થી ૭ ટકાનો ભાવ વધારો કરી દેવાયો હતો.ડીસ્પ્લે માટેનાં મહત્વના પાર્ટસ એવા પેનલનો જ મોટો ખર્ચ હોય છે.મોટી ટીવી બ્રાંડ કંપનીઓ પણ તુર્તમાં ભાવ વધારશે. લેનોનો ઈન્ડીયાના મેનેજીંગ ડાયરેકટર શૈલેન્દ્ર સીયાલે કહ્યું કે છેલ્લા ત્રણ-ચાર મહિનાથી કેટલાંક ઉપકરણોમાં ભાવ વધારાનો માહોલ છે. ડીકસોન



ટેકનોલોજીનાં મેનેજીંગ ડાયરેકટર અતુલ લાલનાં કથન પ્રમાણે કોપર, એલ્યુમીનીયન ઝીંક અને અમુક પોલીમર્સનાં ભાવ વધ્યા છે. પરિણામે ઉત્પાદન ખર્ચમાં પ્રત્યાઘાત છે. મારૂતી સુઝુકી ટોપ વેચાણ ધરાવતી સ્વીફટમાં ૨૫૦૦૦ તથા ગ્રાન્ડ વિટારાનાં ૧૯૦૦૦ નો ભાવ વધારો કર્યો હતો.અમુક મોડેલોમાં અનરૂફનાં ફીચર્સ આપતી કિયાએ આવા મોડેલનાં ભાવ ૩ ટકા વધાર્યા છે. જ્યારે અન્યનાં એક ટકાનો ભાવ વધારો કર્યો છે. કરન્સી મુવમેન્ટ-રૂપિયાની નબળાઈની અસર ખાળવા આ ભાવ વધારો કરાયો છે. મોટા ભાગની કંપનીઓની ભાવ રણનીતિ ડોલર સામે રૂપિયાનાં ૮૨ના મુલ્ય આધારીત હતી. પરંતુ કેટલાંક વખતથી આ સ્તર ૮૩.૫ સુધી પહોંચી ગયુ છે. ભાવ વધારો છતાં ડીમાંડને કોઈ મોટો ફર્ક નહીં પડવાનું મોટાભાગની કંપનીઓ માની રહી છે. સેમસંગ ઈન્ડીયાના સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ મોહનદીપસિંહે કહ્યું કે ગ્રાહકો દર ૬ કે ૭ વર્ષે ટેલીવીઝન અપગ્રેડ કરતા હોય છે. અમુક ટકાના ભાવ વધારાથી તેઓ પ્લાન બદલાવતા નથી. કિયા ઈન્ડીયાનાં માર્કેટીંગ વિભાગનાં વડા હરદીપસિંહ બ્રારે કહ્યું કે, પાછલા છ માસમાં નવરાત્રી દિવાળી સહીતની ફેસ્ટીવલ સિઝનથી ડીમાંડ ઉંચી હતી. માર્કેટમાં અમુક ઓછા વેચાતા મોડેલ પર થોડુ ઘણુ ડીસ્કાઉન્ટ છે.હવે ચૂંટણીની સિઝન છે.આચારસંહીતાના કારણે રોકડ સહીતનાં વ્યવહારોની ઈફેકટની ચાલુ માસનાં વેચાણ કેવા રહે છે તેના પર નજર છે. અત્રે ઉલ્લેખનીય છે કે માર્ચ કવાર્ટરમાં ટેલીવીઝનના વેચાણમાં ૭ થી ૮ ટકા, સ્માર્ટ ફોન શીપમેન્ટમાં ૧૦ ટકા તથા કારના વેચાણમાં ૧૧.૫ ટકાનો વધારો હતો. ઈલેકટ્રોનિકસ પ્રોડકટના અંદાજીત બે વર્ષ બાદ ભાવ વધારો થયો છે.

## ભારત વિરોધી મુઈજ્જુની અગ્નિપરીક્ષા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પાડોશી દેશ માલદીવમાં સંસદીય ચૂંટણી માટે મતદાન યોજાઈ રહ્યું છે. આ ચૂંટણી ભારત વિરોધી વલણ ધરાવતા રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુ માટે અગ્નિપરીક્ષા છે. ચૂંટણી મેદાનમાં કુલ આઠ રાજકીય પક્ષ છે. જેને ૯૩ મતવિસ્તારમાં કુલ ૩૬૮ ઉમેદવાર ઉતાર્યા છે. તો વળી ૨.૮ લાખથી વધુ મતદારો ૬૦૨ મતદાન કેન્દ્રો પર મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં વિદેશથી ત્રણ મતદાન કેન્દ્રો પણ સામેલ છે. કોલંબો, ત્રિવેંદમ અને કુઆલાલ્મપુર.પ્રથમ વખતના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુની ભારત વિરોધી નીતિ, ખાસ કરીને હિંદ મહાસાગર ટાપુઓમાંથી ભારતીય સૈન્ય કર્મચારીઓને પરત મોકલવાનો નિર્ણય પણ આ ચૂંટણીમાં કસોટી કરશે. ડૉ. મુઈઝુના PPM-PNC ગઠબંધને સપ્ટેમ્બર ૨૦૨૩માં 'ઈન્ડિયા આઉટ' ના નારા પર રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી હતી. ગત સંસદમાં વિપક્ષી માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી પાસે ૪૪ સાંસદો સાથે બહુમતી હતી. સંસદમાં બહુમતના અભાવે મુઈઝુને નવા કાયદા બનાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ચૂંટણીમાં માલદીવના લોકો સામે બેરોજગારી, જટિલ માળખાકીય સુવિધાઓનો વિકાસ અને નબળી અર્થવ્યવસ્થા મુખ્ય મુદ્દાઓ છે.ચૂંટણી પહેલા રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુ નવી મુશ્કેલીમાં ફસાયા છે. તેમના પર ભ્રષ્ટાચારનો આરોપ છે. આ અંગે વિપક્ષ આક્રમક છે. વિપક્ષે ભ્રષ્ટાચારના આરોપોની તપાસની માંગ કરી છે. એટલું જ નહીં વિપક્ષ તેમની સામે મહાભિયોગ લાવવાની તૈયારી પણ કરી રહ્યો છે. ભારતને આશા છે કે મુખ્ય વિપક્ષ અને ભારત તરફી પક્ષ - માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી - બહુમતી જીતશે. જો આમ થશે તો તે પક્ષ કારોબારી સત્તા પર અસરકારક કાયદાકીય દેખરેખનો ઉપયોગ કરી શકશે. માલદીવના બંધારણ હેઠળ, સંસદના તમામ નિર્ણયો અને સરકાર દ્વારા પ્રસ્તાવિત બિલો સંસદીય બહુમતીથી પસાર થવા

અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
– દેવેન વ્યાસ



**ઘરમાં બેસી બેસીને બાળકો હવે આપણી પરીક્ષા લેવા માંડયા છે !**

## ઓડિશામાં કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સ્કૂટી પર પ્રચાર કર્યો : સમર્થકો સાથે ચા પીધી

નવી દીલ્હી : ભાજપે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને સંબલપુર લોકસભા બેઠક પરથી પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. બે વખતના રાજ્યસભાના સભ્ય પ્રધાન આ વખતે તેમના ગૃહ રાજ્ય ઓડિશાના સંબલપુરથી લોકસભામાં પુનરાગમન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ ૨૦૦૪માં પ્રથમ વખત ઓડિશાના દેવગઢથી લોકસભામાં ચૂંટાયા હતા.કેન્દ્રીય મંત્રી અને ઓડિશાની સંબલપુર બેઠક પરથી ભાજપના ઉમેદવાર



ધર્મેન્દ્ર પ્રધાન આ દિવસોમાં જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

શનિવારે ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રધાન સ્કૂટર ચલાવતા જોવા મળ્યા હતા. સ્કૂટી પર પ્રચાર કરતી વખતે કેન્દ્રીય મંત્રી સંબલપુરમાં એક ચાની દુકાને પણ પહોંચ્યા અને ત્યાં તેમણે પોતાના સમર્થકો સાથે ચા પીધી અને લોકોની ખબર પણ પૂછી હતી ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે બુદ્ધ જિલ્લાના પલાસાગોરામાં જાહેર સભા પણ કરી હતી. જાહેર સભાને સંબોધતા ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે બૌદ્ધ લોકોનો આ ઉત્સાહ સ્પષ્ટ સંકેત છે કે આ વખતે ભાજપ મોટી જીત હાંસલ કરી રહી છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં મોદીની કલ્યાણકારી યોજનાઓ અને વિકાસ

અનુસંધાન પાના નં.૪ પર

## રેસલર વિનેશની મોટી સફળતા :પેરિસ ઓલિમ્પિક ક્વોટા હાંસલ કર્યો : મહિલા ૫૦ કિગ્રામાં સ્થાન મળ્યું

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : ભારતની સ્ટાર રેસલર વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિક માટે તેના ક્વોટાની પુષ્ટિ કરી છે. વિનેશે એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર્સમાં મહિલાઓની ૫૦ કિગ્રા વર્ગમાં એક પણ પોઈન્ટ ગુમાવ્યા વિના ફાઈનલમાં જગ્યા બનાવી હતી. પેરિસ ઓલિમ્પિક માટે ભારતનો આ બીજો ક્વોટા છે. તેની પહેલા, પંઘાલે ગયા વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશિપ માં બ્રોન્ઝ મેડલ જીતીને ૫૩ કિગ્રા વર્ગમાં ક્વોટા મેળવ્યો



હતો.૨૯ વર્ષીય વિનેશનો આ સતત ત્રીજો ઓલિમ્પિક ક્વોટા છે. તેણે અગાઉ રિયો ઓલિમ્પિક (૨૦૧૬) અને ટોક્યો ઓલિમ્પિક (૨૦૨૦) માં પણ ભાગ લીધો હતો

વિનેશે જોરદાર પ્રદર્શન કર્યું અને તેના હરીફોને હરાવ્યા. તેણીએ પ્રથમ કોરિયન હરીફ મીરાન ચેઓનને એક મિનિટ અને ૩૯ સેકન્ડ સુધી ચાલેલી મેચમાં હરાવ્યો હતો. પ્રતિસ્પર્ધી પાસે તેની મજબૂત પકડનો કોઈ જવાબ નહોતો. આગળની મેચમાં તેણે કંબોડિયાની સ્મનાંગ ડીતને ૬૭ સેકન્ડમાં હરાવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી ,સેમિફાઈનલમાં, કઝાકિસ્તાનની ૧૯ વર્ષીય કુસ્તીબાજ લૌરા ગાનીકીજીએ તેને થોડો પડકાર આપ્યો હતો

અનુસંધાન પાના નં.૪ પર

## બેંગલુરૂ કેફે વિસ્ફોટ કેસમાં પાકિસ્તાન કનેક્શન

નવીદિલ્હી : કર્ણાટકના બેંગલુરૂ કેફેમાં થયેલા વિસ્ફોટ મામલે નવો ખુલાસો થયો છે. તપાસ એજન્સીઓ હવે આરોપીના ઓનલાઈન હેન્ડલરની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે, જેનું કોડનેમ 'કર્નલ' છે. અબ્દુલ મથીન તાહાને આ એટેકના મેન પ્લાનર અને મુસાવિર હુસૈન શાજિબને હુમલાખોર ગણાવી રહ્યો હતો. અધિકારીઓને શંકા છે કે કર્નલ આ બન્નેના સંપર્કમાં હતો જે ૨૦૧૯-૨૦માં IS અલ હિન્દ મૉડ્યૂલ સાથે જોડાયો હતો. માનવામાં આવે છે 'કર્નલ' દક્ષિણ ભારતમાં કેટલાક યુવાઓના સંપ

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર સુદ- ૧૩, તા.૨૧ એપ્રિલ, રવિવાર

# શું AI ચૂંટણીમાં બનશે મોટું પરિબળ?

વિશ્વના સૌથી મોટા ચૂંટણી ઉત્સવની શરૂઆત સાથે, રાજકીય પક્ષો માત્ર મોટા પાયે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યાં નથી, પરંતુ આ વખતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પણ એક મોટું પરિબળ સાબિત થવા જઈ રહ્યું છે. બીજેપી હજુ પણ પ્રચારમાં નવી તરકીબોનો ઉપયોગ કરવામાં બીજા રાજકીય પક્ષોની આગળ દેખાય છે.ડિસેમ્બર ૨૦૨૩ માં ઉત્તર પ્રદેશના વારાણસીમાં કાશી તમિલ સંગમ દરમિયાન વડા પ્રધઆન નરેન્દ્ર મોદીનું ભાષણ, એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તમિલ પ્રેક્ષકો માટે સમયસર હિન્દી ભાષણને તમિલમાં અનુવાદિત કરવા માટે એઆઈ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે વાસ્તવિક સમયમાં કામ કરે છે.આ ચૂંટણીમાં મોટા નેતાઓની રેલી કે રોડ શોના આયોજનમાં પણ અઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકાય છે. સાયબર કાયદાના નિષ્ણાતોની વાત માનીએ તો અમેરિકામાં સેનેટની ઈન્ટેલિજન્સ એન્ડ રૂલ્સ કમિટીના સભ્યો વાસ્તવિક વોટ્સએપ અને ફેસબુક પર સેનેટર વેનેટ મેટાને પૂછવામાં આવ્યું છે કે ભારતીય ચૂંટણીઓમાં ડીપફેકના ઉપયોગ દ્વારા સોશિયલ મીડિયા પર નકલી અને ખોટા ક્ધટેન્ટના ફેલાવાને રોકવા માટે તેમની શું તૈયારી છે?આનાથી સ્પષ્ટ થાય છે કે એઆઈના પૂરક સાથે સોશિયલ મીડિયામાં ઓડિયો-વિડિયો અને ડિજિટલ કન્ટેન્ટ ફેલાવીને પક્ષો તેનો ઉપયોગ ધ્રુવીકરણ માટે કરી શકે છે. તે જ સમયે, સીઠ્ઠ એ ભારતમાં સામાન્ય ચૂંટણીઓ દરમિયાન કોઈપણ ખોટી માહિતી અને એઆઈ સામગ્રી પર પ્રતિબંધ મૂકવા ઠરાવ કર્યો છે.ચૂંટણીમાં માત્ર વોટ્સએપ અને સોશિયલ મીડિયાના 'ઈન્ફલુઅન્સર્સ' જેવા 'મેસેજિંગ' પ્લેટફોર્મની મદદ લેવામાં આવશે નહીં, એઆઈ દ્વારા વધુ લોકો સુધી પહોંચવાના પ્રયાસો પણ કરવામાં આવશે. ચૂંટણીમાં મુખ્ય પક્ષોએ દેશભરમાં પ્રચાર કરવાનો હોય છે. જ્યારે ઉત્તર ભારતીય નેતાઓ દક્ષિણ ભારત જેવા રાજ્યોમાં પ્રચાર કરશે, ત્યારે તેમના ભાષણોને વિવિધ ભાષાઓમાં કન્વર્ટ કરવા માટે એઆઈનો ઉપયોગ કરવામાં આવશે. તાજેતરમાં જ પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી અને પાડોશી દેશની સામાન્ય ચૂંટણીઓમાં પણ એઆઈનો ઉપયોગ જોવા મળ્યો હતો.

નિષ્ણાતો કહે છે કે એઆઈ ટેક્નોલોજીને લઈને કોઈ ઓછા પડકારો નથી. આ ટેક્નોલોજી દ્વારા ફેક ન્યૂઝ અથવા ખોટી માહિતી પણ ઝડપથી ફેલાઈ શકે છે. ડીપફેક એ એઆઈનું એક સ્વરૂપ પણ છે, જેનો ઉપયોગ વિશ્વસનીય ભ્રામક છબીઓ અને વિડિયો બનાવવા માટે થઈ શકે છે.

# ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનની ટીમે આઈજીપી ચિરાગ કોરડિયાની શુભેચ્છા મુલાકાત લીધી



ભુજ : ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન, ભુજ દ્વારા આઈજીપી ચિરાગ કોરડિયા સાથે શુભેચ્છા મુલાકાત સાથે બેઠક યોજવામાં આવી હતી, જેમાં ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન, ભુજના પ્રમુખ અનિલભાઈ ગોર, મંત્રી જગદીશભાઈ ઝવેરી, સહમંત્રી જગદીશભાઈ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ બાબતે વિગતો આપતાં ચેમ્બર ઓફ કોમર્સ, ભુજના મંત્રી જગદીશભાઈ ઝવેરીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (આઈજીપી) - કચ્છ બોર્ડર રેન્જ તરીકે પદભાર સંભાળનાર ચિરાગ કોરડિયા સાથે શુભેચ્છા મુલાકાત કરી બેઠક કરવામાં આવી હતી. તેમણે જણાવેલ હતું કે, બેઠકમાં શ્રી કોરડિયાને નિયુક્તિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને ત્યારબાદ ચેમ્બરની કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા સાથે-સાથે ચેમ્બર ઓફ કોમર્સ, ભુજ તરફથી પૂરતો સહયોગ આપવાની ખાતરી પણ આપવામાં આવી હતી.

બેઠક દરમ્યાન ચિરાગ કોરડિયા દ્વારા સાથે મળીને કામગીરી કરવા તથા કોઈ પણ રજૂઆત કે પ્રશ્ન હોય તો પૂરતો સહકાર આપવામાં આવશે તેવું જણાવ્યું હતું.

ભૂકંપ બાદ કચ્છ ઔદ્યોગિક રીતે ખુબ જ વિકાસ પામ્યું છે જેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને થયેલા વિકાસની શ્રી કોરડિયા દ્વારા પ્રસંશા કરવામાં આવી હતી. બેઠકમાં જીઆઈડીસી એસો. ચેરમેન અરવિંદભાઈ ઠક્કર, ટેક્ષ કન્સલ્ટન્ટ એસો.ના પ્રમુખ રમેશભાઈ પિંડોરીયા, હરિભાઈ ગોર, એડવોકેટ સંદીપ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## મોટા સલાયામાં અગાઉ થયેલી માથાકુટના મનદુ:ખે ટોળાનો હુમલો

ભુજ : માંડવી તાલુકાના મોટા સલાયા ગામે આવેલા બુખારીનગરમાં અગાઉ થયેલી માથાકુટના મનદુ:ખે ટોળા દ્વારા હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. ફરિયાદી માછીમાર જુસબ ઓસમાણ લખણે માંડવી મરીન પોલીસમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપીઓ રજાક દાઉદ લખણ, હસન દાઉદ લખણ, અબ્બાસ હસન લખણ, નાગીર રજાક લખણ, અસગર હસન લખણ, સોયબ મામદ લખણ, બિલાલ કાસમ લખણ અને રજાક મુસા ભાયા સામે ગુનો દાખલ કરાવ્યો હતો. તે પ્રમાણે આરોપી રજાક સાથે ફરિયાદીના દિકરા અને ભાણેજની માથાકુટ થઈ હોઈ તે બાબતના મનદુ:ખે આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદી અને સાહેદોને લોખંડના પાઈપ અને ધોકા વડે મારમારી ઈજાઓ પહોંચાડતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ટ્રેન હડફેટે આવી જતા ભવાનીપુરના યુવાનનું મોત

ભચાઉ : શહેરના ભવાનીપુર નજીકથી પસાર થતા રેલવે પાટા પર શનિવારે મોડી સાંજે મૂળ રાધનપુરના દાત્રાણાના હાલે ભચાઉના ભવાનીપુર પટેલ પાર્ક નજીક રહેતા ૩૫ વર્ષિય યુવાન દિલીપ ડાયાલાલભાઈ ઠક્કર રેલવે લાઈન ક્રોસ કરતા હતા. તે સમયે અચાનક જ ટ્રેન આવી જતા નીચે આવી જતા તેઓનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું હતું. બનાવની જાણ થતાં નજીકમાં રહેતા લોકોનું ટોળ ઘટના સ્થળે એકત્ર થયું હતું.

--------

## માધાપર પાસે ટ્રક હડફેટે રિક્ષા ચાલકને ઈજા

ભુજ : માધાપર નજીક માર્થોમાનગર બસ સ્ટેશન પાસે અકસ્માતનો બનાવ બન્યો હતો. જે અંગે કુકમામાં રહેતા મેમુનાબેન ખમીસા બાવાએ માધાપર પોલીસમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ટ્રક નંબર જી.જે. ૧૨ બીયુ ૬૫૨૬ના ચાલકે પોતાની ટ્રક બેદરકારીથી ચલાવી ભુજ તાલુકાના ગંઢેર ગામના હસન આમદભાઈ શિયારિયાની રિક્ષા નંબર જી.જે. ૧૨ બીયુ ૭૬૩૩ને પાછળથી ટક્કર મારતા રિક્ષા પલટી જતાં ફરિયાદીને હાથના ભાગે અને શરીરે ઈજાઓ થતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

-----------

## જખૌમાં એક્ટિવાની ટક્કરે મહિલાને ઈજા

ભુજ : અબડાસા તાલુકાના જખૌ બંદર રોડ પર બડામીયા




દરગાહ તરફ જતા રોડ પાસે હાઈવે પર અકસ્માતનો બનાવ બન્યો હતો. ફરિયાદી જખૌના અબ્દુલ મામદ કેરે જણાવ્યું હતું કે, તેમની પત્ની સવારે ગામના તળાવમાં કપડા ધોવા જતી હતી, ત્યારે જખૌની આર્ચિયન કંપની નોકરી કરતા લિયો સાહેબના પત્ની એક્ટિવા નંબર જી.જે. ૧૨ ડીસી ૯૭૩૬ લઈને નિકળ્યા હતા. એકટીવા ચાલકે પુર ઝડપે ગાડી ચલાવી ફરિયાદીના પત્નીને હડફેટમાં લઈ એકટીવા લઈ ભાગી જતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

------

## કેરામાં જુગાર રમતા ૪ પકડાયા

ભુજ : તાલુકાના કેરા ગામે પીયાવા વિસ્તારમાં કાનજીભાઈ કિશોરભાઈ પટેલની વાડીમાં જુગાર રમતા ચાર ખેલી ઝડપાયા હતા. જેમાં નવીન ઉર્ફે નવીનચંદ્ર શામજી વરસાણી, ઝુલ્ફીકાર હુસેનઅલી ખોજા, પ્રશાંત મનુભાઈ પટેલ, ધનસુખ ઉર્ફે ધનિયો જાદવજી પટેલની અટક કરવામાં આવી હતી. રોકડા રૂપિયા ૧૧,૧૨૦ અને ૪૧ હજારની બે બાઈક અને ૧૫ હજારના બે મોબાઈલ કબ્જે કરવામાં આવ્યા હતા.

-----

## વરલી મટકાનો જુગાર રમતો ગાંધીધામનો શખ્સ પકડાયો

ગાંધીધામ : શહેરના નવી સુંદરપુરી વિસ્તારમાં દશા માના મંદિર પાસે જાહેરમાં આંક ફરકનો જુગાર રમતો હોવાની બાતમીના આધારે ગાંધીધામ એ ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. કાર્યવાહીમાં આરોપી શરીફ ઉર્ફે સલમાન ઈકબાલખાન પઠાણને વરલી મટકાના જુગાર રમી રમાડવાના સાહિત્ય સહિત રૂપિયા ૨૪૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.




કોઈ પણ લોભ લાલચ કે પ્રલોભનમાં આવ્યા વિના નિર્ભયતાથી કરો મતદાન

કચ્છ ઉદય પરિવાર દ્વારા અપીલ

# જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારી પત્રકોની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરાઈ



ભુજ : જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કચ્છ લોકસભાની બેઠક માટે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલા ઉમેદવારી પત્રોની ચકાસણી પ્રક્રિયા જનરલ ઓબ્ઝર્વરોની ઉપસ્થિતિમાં હાથ ધરવામાં આવી હતી. ઉમેદવારી ફોર્મની ચકાસણી પ્રક્રિયામાં નિવાસી અધિક કલેક્ટર મિતેશ પંડ્યા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈ, મદદનીશ ચૂંટણી અધિકારી અને ભુજ પ્રાંત અધિકારી એ.બી. જાદવ, નોડલ ઓફિસર ટ્રેનિંગ મેનેજમેન્ટ અને જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાશ્મી સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ડોર ટુ ડોર સંપર્ક અભિયાન હાથ ધરાયું



ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શનમાં કચ્છ જિલ્લામાં સ્વીપ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. કચ્છમાં મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતુ કરવામાં આવ્યું છે. ૧ એપ્રિલથી પ્રાથમિક શાળાના શિક્ષકો તેમજ તેમના સ્ટાફ દ્વારા ડોર ટૂ ડોર જઈને મતદાન જાગૃતિ માટે પ્રયાસો થઈ રહ્યા છે. ડોર ટૂ ડોર મતદાન જાગૃતિ અભિયાન દરમિયાન શાળાના શિક્ષકો દ્વારા મતદારોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવી રહ્યું છે તેમજ ચૂંટણીપંચ દ્વારા લોન્ચ કરવામાં આવેલી વિવિધ મોબાઈલ એપ્લિકેશન વિશે પણ માહિતગાર કરવામાં આવી રહ્યા છે. ઓછું મતદાન ટર્ન આઉટ ધરાવતા જિલ્લાના અબડાસા, રાપર અને ગાંધીધામ વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓ વધુ સઘન બનાવવા સ્વીપ નોડલ જિલ્લા શિક્ષણાધિકારી બી.એમ. વાઘેલાના નેતૃત્વ હેઠળ અને મદદનીશ નોડલ જી.જી. નાકર અને શિવુભા ભાટી અને ચૂંટણી શાખાના નાયબ મામલતદાર સંજયભાઈ સંકલન કરી રહ્યા છે.

## ગાંધીધામ-ભચાઉ હાઈવે પર આગનું છમકલું




ગઈકાલે બપોરે બપોરે ભાગે ભચાઉ-ગાંધીધામ હાઈવે પર જતા એક ભંગારના વાળામાં આગ લાગતા ભચાઉ નગરપાલિકા ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી. ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આ ઉપરાંત આરતી કંપનીની ફાયર ટીમે ૪ કલાકની મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ કામગીરીમાં ભચાઉ ફાયર ટીમના પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, મયુર રામાનંદી, પરસુ વાલ્મીકિ અને આરતી કંપનીના વિજેશ કપુરિયા, રાઘવ ગૌતમ, કિશન ભટ્ટ, સૂરજ સંત્રા જોડાયા હતા.

# હરિપર એમ.ડી. કોલેજનો ૧૬મો દિક્ષાંત સમારોહ યોજાયો




## કચ્છ યુનિ.ના કુલપતિ ડૉ. મોહનભાઈ પટેલ રહ્યા ઉપસ્થિત

ભુજ : એમ.ડી. કોલેજ ઓફ એજ્યુકેશન, હરિપર ખાતે વર્ષ ૨૦૨૨-૨૪ દરમિયાન બી.એડ.નો અભ્યાસ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓ માટે દીક્ષાંત કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના આ ૧૬મા દીક્ષાંત સમારોહમાં ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મોહનભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. કોલેજના ડાયરેક્ટર જયંતભાઈ પાઠકે મંચસ્થ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી સર્વેનો પરિચય આપ્યો હતો. પ્રથમ વર્ષની તાલીમાર્થી વોરા તિથીએ નૃત્ય દ્વારા ગણેશ વંદના રજૂ કરી હતી. કુલપતિ અને મંચસ્થ મહાનુભાવોએ વર્ષ ૨૦૨૧-૨૩ની બેચમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર ચૌહાણ દર્શના, ગોર યશ્વી અને ભાનાણી જયદીપને મોમેન્ટો આપી સન્માનિત કાર્ય હતા. વર્ષ ૨૦૨૨-૨૪ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તાલીમાર્થીઓને પુસ્તક અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષણશાસ્ત્ર અને સંસ્કૃત એમ બંને વિષયમાં જીસેટની પરીક્ષા પાસ કરવા બદલ કોલેજના પ્રા. જયાબેન માહલા તેમજ શિક્ષણશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. કરવા બદલ પ્રા. શીતલબેન યોગીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કુલપતિ ડૉ. મોહનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કચ્છ એ છેવાડાનો અને સરહદી વિસ્તારનો જિલ્લો છે. એમાં પણ અંતરિયાળ ગામડાઓમાં શિક્ષકોની ઘટ છે. જિલ્લા બહારથી આવતા શિક્ષકો સમયાંતરે બદલીથી વતનમાં ચાલ્યા જાય છે. કચ્છના સ્થાનિક ઉમેદવારો શિક્ષક બને અને છેવાડાના- અંતરિયાળ ગામડાઓમાં જઈ પોતાની ફરજ અદા કરી કચ્છના વિકાસમાં પોતાનું યોગદાન આપે એ વર્તમાન સમયની માંગ છે. ગોરસિયા એજ્યુકેશન સોસાયટીના ચેરમેન ગોપાલભાઈ ગોરસિયાએ ભાવિ શિક્ષકોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવતાં બાળકોમાં સારા સંસ્કાર, નૈતિક મૂલ્યો, રાષ્ટ્રપ્રેમ અને આદર્શ નાગરિક તરીકેની ફરજોનું ઘડતર કરવાની શીખ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રાધ્યાપક તુલસીબેન વેલાણી અને પ્રથમ વર્ષના તાલીમાર્થી કુંજન મહેતાએ કર્યું હતું. સમારોહનું આયોજન અને આભાર દર્શન કોલેજના આચાર્ય ડૉ. હિમાંશુ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી કે. કે. હિરાણી તેમજ હંસાબેન હિરાણી ઉપસ્થિત રહ્યા હતા.

# કોઠારા તીર્થે મોરલો શાંતિનાથ દાદાના દર્શને પહોંચ્યો



કોઠારા : અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા તીર્થે મુખ્ય જિનાલય પરિસરમાં એક નાનું સુંદર ૫૦૦ વર્ષ પ્રાચીન સોહામણું જિનાલય છે. જે જિનાલયમાં સંપ્રતિકાલીન ૨૩૦૦ વર્ષ પ્રાચીન શાંતિનાથ પ્રભુજી બિરાજમાન છે. જુના શાંતિનાથ તરીકે ઓળખાતા આ જિનાલયે રાત્રે ૮ વાગ્યા પછી આરતી સમયે મોરલો દાદાના દરબાર અંદર પહોંચ્યો હતો.

મોટા ભાગે ડુંગરો, મંદિરોના શિખરો, ઉંચા ટાવરો તથા ઉંચા મકાનો ઉપર પોતાના સુરક્ષિત સ્થાને બેસતો મોર કોઠારાના જુના શાંતિનાથ જિનાલયે રાત્રે આઠ વાગે આરતી સમયે ભંડારા ઉપર બેસી દાદાના દર્શન કર્યા હતા. મોર પક્ષી રાત્રીના ભાગે ઉંચાઈ વાળી જગ્યાએ જોવા મળે, પણ અહીં મોરલો રાત્રીના ભાગ્યે શાંતિનાથ પ્રભુજીના મંદિરમાં પ્રવેશી દાદાની સામે સ્થાન જમાવી, આરતી ઉતરી ત્યાં સુધી દાદાની સામે જોતો બેઠો રહ્યો હતો. ઉપસ્થિત ભાવિકોએ આ ક્ષણને વધાવી હતી અને મોર પક્ષીને રાત્રી સમયે જિન મંદિરમાં પ્રભુજી સામે બેઠેલો જોઈ ચમત્કારીક ઘટનાને મોબાઈલ ફોન કેમેરામાં ઝડપી હતી અને ભાવિકો પણ ભાવવિભોર બન્યા હતા.

## પડાણા પાસે ટ્રેઈલર-ડમ્પરના અકસ્માતમાં ઈજાગ્રસ્ત ડમ્પર ચાલકનું મોત

ગાંધીધામ : તાલુકાના પડાણા ધોરી ઉપર ટ્રેઈલર અને ડમ્પર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. હતભાગી ડમ્પર નંબર જી.જે. ૧૨ બીવી ૨૮૧૫માં ભચાઉના કડલોથી મીઠુ ભરીને ગાંધીધામ તરફ જવા નિકળ્યા હતા. ત્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર રામદેવપીર મંદિર પાસે બંધ ઉભેલા ટ્રેઈલર નંબર જી.જે. ૧૪ જીક્યુ ૨૪૭૭માં ડમ્પર ભટકાતા ડમ્પર ચાલક રવજીભાઈ મેરામણભાઈ ગોહિલને ઈજાઓ પહોંચી હતી. જે અંગે આંબાભાઈ માલાભાઈ ગોહિલે ટ્રેઈલર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

# પશુઓને ઉનાળાની ગરમીથી બચાવવા માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ

ભુજ : પશુપાલનએ કચ્છ જિલ્લાનો ગ્રામ્ય વિસ્તારનો ખુબ મહત્વનો વ્યવસાય છે. જિલ્લામાં પશુઓની સંખ્યા લગભગ ૨૨ લાખ જેટલી છે. ઉનાળુ ઋતુમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર અને ઘણી વાર ૪૫ ડિગ્રી સુધી જતું હોય છે. આવા સંજોગોમાં પશુઓને ગરમીથી રક્ષણ મળે તે માટે તકેદારીના વિશેષ પગલા લેવાય એ આવશ્યક બને છે.

કાળઝાળ ગરમીની સૌથી વધુ અસર સૂર્ય પ્રકાશમાં બાંધી રાખેલ પશુઓ, નાના વાછરડા કે પાડા-પાડીઓ, બીમાર અને ગાભણ પશુઓ, ગૌશાળા - પાંજરાપોળોના વૃદ્ધ અને અશક્ત પશુઓ, બંધ વાહનમાં રાખેલ પાળતુ પશુઓ, ઉન ઉતારેલ ઘેટાઓ તેમજ ઉચ્ચ ઉત્પાદન ક્ષમતા ધરાવતા પશુઓને થતી હોય છે. ભેંસ વર્ગના પ્રાણીઓ તેમની કાળી ખુલ્લી ત્વચા તેમજ અલ્પ પ્રમાણમાં આવેલ પ્રસ્વેદ ગ્રંથીઓને કારણે ગરમી સહન કરવાની બહુ ઓછી ક્ષમતા ધરાવે છે. જેને લીધે આ પશુઓ પોતાના શરીરનું તાપમાન જાળવી રાખવા બપોર સમયે તળાવ અને ખાબોચિયાના પાણીમાં કે કાદવમાં રહેવાનું પસંદ કરતા હોય છે. પશુઓને ઉગ્ર તાપથી બચાવી તેમનું ઉત્પાદન જાળવી રાખવું હોય તો એ માટે છાંયડો, પીવાનું પાણી, યોગ્ય આહાર અને વ્યવસ્થાપન પદ્ધતિ પ્રત્યે વિશેષ ધ્યાન દેવું જરૂરી બને છે. આ માટે પશુપાલકોએ પોતાના પશુઓને બપોરના વધુ ગરમી વાળા સમયે ખુલ્લા તાપમાં બહાર કાઢવાનું કે તડકામાં બાંધવાનું સંપુર્ણપણે ટાળવુ, પીવા માટે પર્યાપ્ત માત્રામાં શુદ્ધ તેમજ ઠંડું પાણી આપવુ, પશુ રહેઠાણની છત કે છાપરાને ઘાસ કે પરાળથી ઢાંકવું ત્યાં બપોરે પશુ પર સીધો સૂર્ય પ્રકાશ ન આવે તે માટે પડદાની સગવડ કરવી, તબેલામાં સ્પ્રિંકલરથી કે અન્ય રીતે પાણીનો છંટકાવ કરવો, ભીના કોથળા બાંધવા, પશુ આહારમાં લીલો ચારો, મિનરલ મિક્ષચર અને વિટામિન્સ સપ્લીમેન્ટ આપવા, ખુલ્લી અને ઓછી ભીડ થાય એવી પુરતા છાંયડા વાળી જગ્યાએ પશુઓને રાખવા જેવા ઉપાયો કરવા જરૂરી બને છે. દુધાળા પશુઓને દોહવાનો સમય દિવસનાં ઠંડા કલાકો દરમ્યાન રાખવો હિતાવહ છે. ભારવાહન અર્થે ઉપયોગી પશુઓ પાસેથી બપોરનાં ૧૧થી ૪ના સમયે કામ ન લેતાં આરામ આપવો જોઈએ. આવા સમય દરમ્યાન કોઈ પ્રકારનાં પશુ મેળાઓ કે સ્પર્ધાઓનું આયોજન કરવું જોઈએ નહીં. ઉગ્ર તાપથી અસરગ્રસ્ત પશુઓમાં હાંફવું, મોઢામાંથી લાળ પડવી, નાક સુકાઈ જવું, શ્વાસોશ્વાસની ઝડપ વધી જવી, ખોરાક લેવાનું બંધ કરવું અને દુધાળા પશુનાં દુધ ઉત્પાદનમાં ઘટાડો થવો જેવા લક્ષણો જોવા મળતા હોય છે. આવું જણાયેથી પશુને તરત છાંયડા અને ઠંડક વાળી જગ્યાએ ખસેડવું જોઈએ તેમજ શરીરે ભીનું પોતું કરવું, શક્ય હોય તો કૂલર કે પંખાની સગવડ કરવી વગેરે જેવા પ્રાથમિક ઉપચારો કરી શકાય. પશુઓની સારવાર માટે જરૂરી દવાઓ ઉપલબ્ધ છે. જેથી જરૂર જણાયે તાત્કાલિક ત્યાંનો સંપર્ક કરી નિષ્ણાંત પશુ ચિકિત્સકની સલાહ લઈ તેમના માર્ગદર્શન હેઠળ આગળની પશુની સારવાર કરવી જોઈએ.




ભુજ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કર્મચારીઓ દ્વારા નેશનલ ફાયર સેફટી વિકના અંતર્ગત પાલિકા ફાયર સ્ટેશન ખાતે આયોજન કરવામાં અવેલ હતું. જેમાં એરફોર્સ ફાયર સ્ટેશન, આર્મી ફાયર સ્ટેશન, ભચાઉ નગરપાલિકા ફાયર સ્ટેશનમાંથી અધિકારીઓ ઉપસ્થિતિમાં બેઠક કરવામાં આવેલ હતી. જેમાં આવનારા સમયમાં આગ જેવી હોનારત સામે કઈ રીતે રક્ષણના પગલા ભરી શકાય અને આગ જન્ય ઘટનાની કામગીરીમાં એકબીજાને કઈ રીતે મદદરૂપ કરી શકાય જે વિશે ચર્ચા કરવામાં આવી હતી. ફાયર સ્ટેશનના સાધનોનું ડેમોસ્ટ્રેશન કરીને આવેલ મહેમાનોને જાણકારી આપી હતી. કાર્યક્રમ ભુજ નગરપાલિકા ફાયર સ્ટેશનના સ્ટેશન ફાયર ઓફિસર સચિન પરમારના માર્ગદર્શન હેઠળ ભુજ ફાયર સ્ટેશનના તમામ સ્ટાફ જોડાયેલ હતા.

# ભુજ રિજનલ સાયન્સ સેન્ટર ખાતે વિશ્વ પેંગ્વિન દિવસની કરાશે ઉજવણી

ભુજ : પેંગ્વીન એક જળચર અને ઉડી ન શકે તેવું પક્ષી છે, જે મુખ્ય પણે દક્ષિણ ગોળાર્ધમાં રહે છે. પેંગ્વીન પ્રાણી સામ્રાજ્યમાં સૌથી કુશળ પક્ષીમાંનું એક છે. તે ૨૦ મિનિટ સુધી પાણીની અંદર તેમના શ્વાસને રોકી રાખવામાં સક્ષમ છે અને ઓલિમ્પિક તરવૈયા કરતાં પાંચ ગણી વધુ ઝડપથી તરી શકે છે. પર્યાવરણીય સંતુલન જાળવવામાં અને આહર શ્રૃંખલામાં પણ ફાળો આપે છે. પણ આબોહવામાં બદલાવને લીધે તેમની વસ્તીમાં ઘટાડો જોતા, જે જોખમો તેઓ અનુભવે છે, તેના વિશે જાગૃતિ લાવવા ૨૫મી એપ્રિલના વિશ્વ પેંગ્વિન દિવસ ૧૯૭૨થી દર વર્ષે ઉજવવામાં આવે છે. ત્યારે રિજનલ સાયન્સ સેન્ટર ભુજ ખાતે વિશ્વ પેંગ્વિન દિવસની ઉજવણી કરાશે. જેમાં બાળકો માટે ખાસ પેંગ્વિન આધારિત કાર્ટૂન મૂવી શો, પેંગ્વિન માસ્ક મેકિંગ જેવી પ્રવૃત્તિ યોજાશે. સાંજે ૫થી ૬:૩૦ દરમ્યાન એક્સપર્ટ ટોકનું અયોજન કરાયું છે. ઈન્ડિયા મિટીઓરોલોજી ડિપાર્ટમેન્ટના સાયન્ટીસ્ટ ડો. પ્રિતી શર્મા અને સર્વમંગલ આરોગ્યધામના તબીબ ડૉ. આલાપ અંતાણી આબોહવા બદલાવ વિશે માહિતી આપશે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# કચ્છના વિકાસમાં ચાર મુખ્ય સ્થંભો પાયા સમાન : વિનોદભાઈ ચાવડા





ભુજ : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કચ્છનો વિકાસ ચાર મુખ્ય સ્થંભો પર કરેલ છે, ઔદ્યોગિક, ખેતી, પ્રવાસન અને ડેરી ચાર મુખ્ય સ્થંભો કચ્છના વિકાસમાં પાયા સમાન છે. આ સાથે જ વડાપ્રધાને માલધારી, પશુપાલકો, ગ્રામ્ય શ્રમીકો, નાના ખેડૂતો તેમજ બાળકો, યુવાનો, મહિલાઓ સૌ માટે શિક્ષણ, રોજગાર, સહાય યોજનાઓ, આરોગ્ય સુવિધાઓ, રક્ષણ સહિતની જીવનજરૂરી બાબતો છેવાડાના માનવીને મળે તે પ્રત્યે સતત જાગૃત રહી કાર્ય કર્યું છે અને વર્ષ-૨૦૪૭ સુધીમાં ભારતને ટોચ પર લાવવાનો સંકલ્પ નિર્ધારિત કર્યો છે ત્યારે દેશમાં 'ફિર એક બાર મોદી સરકાર' બનાવવાના સંકલ્પ સાથે જનસમર્થન માટેની અપીલ કરતા કચ્છ લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ ભુજ તાલુકાના ભુજોડી, ગડા, કુકમા, લેર, વરલી, થરાવડા, કોટડા (આથમણા - ઉગમણા), રતીયા, બાઉખા સમા, બાઉખા ઓઢેજા, મકનપર, ઢોસા, મખણા, રામવાડી, પીરવાડી, સુમરાસર જત, ટાંકણાસર, વટાછડ, કમાગુના, નથથરકુઈ, વીછીયા, વ્યારા અને મિરજાપર ગામના ગ્રામજનો સાથે તથા









ભુજ મધ્યે ભાનુશાલી સમાજ, દશનામ ગોસ્વામી સમાજ, વાલ્મીકી સમાજ, મારૂ કંસારા સોની સમાજ અને બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને સમાજના લોકો સાથે બેઠક યોજી હતી.

વિનોદભાઈએ ભુજ તાલુકાના કેરા ગામે સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ - વાર્ષિક પાટોત્સવ" પ્રસંગે હાજરી આપી કથાનું શ્રવણ કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, ભુજ તાલુકા ભાજપ પ્રમુખ ભીમજીભાઈ જોધાણી, મહામંત્રી દિનેશભાઈ ઠક્કર, લોકસભા વિસ્તારક વૈભવભાઈ બોરીચા, જિલ્લા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષા કુંવરબેન મહેશ્વરી, અમૂલ અને સરહદ ડેરીના વાઈસ ચેરમેન વલમજીભાઈ હુંબલ, જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષા પારૂલબેન કારા, પાર્ટી આગેવાન રાજેન્દ્રસિંહ જાડેજા, મોહનભાઈ ચાવડા સાથે કાર્યકર મિત્રો જોડાયા હતા.

# કચ્છના ઉધોગોને એક્સાઈઝ માફી અને વિલંબીત વસુલાત ચુકવણીનો લાભ જરૂરી : બાબુભાઈ શાહ



ગાંધીધામ : ધુળની ડમરીઓ મૃગજળ ખાસીયત ધરાવતો કચ્છ જીલ્લો આજે ઔધોગીક હબ બન્યાની વાસ્તવિકતાને સ્વીકૃત ગણીએ. ઔધોગીક એકમોને કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા એક્સાઈઝ માફી તેમજ વિલંબીત વસુલાત ચુકવણીની વ્યવસ્થા આપવા અપાવવા પ્રજાકીય પ્રતીનીધીઓની સતર્કતા, હકારાત્મકતા, અસરકારકતા યાદ કરવી જરૂરી ગણીએ. આઝાદી પછીનું ક વર્ગનું કચ્છ રાજય ૧૯૫૬માં દ્વિભાષી મુંબઈ રાજયમાં ભેળવાયું ૧ મે ૧૯૬૦ના મુંબઈ રાજયનું મહારાષ્ટ્ર અને ગુજરાતનાં વિભાજને કચ્છને જીલ્લો ગણી ગુજરાતમાં સ્થાન અપાયાનો ૩૦ વર્ષ સુધી કંડલા ફ્રી ટ્રેડ ઝોન સિવાયની કોઈ કરવેરા સબબે સગવડ સહાય વ્યવસ્થાનો અભાવ છેક ૧૯૯૦માં જનતાદળ ભાજપ ની સંયુક્ત સરકારે રાજયમાં પાયોનિયર અને પ્રેસ્ટીજીયસ સ્ટેટ્સ દરજ્જો ગણી રાજયનાં સેલ્સ ટેક્ષની માફી કે વિલંબીત ચુકવણી ૧૦૦ કરોડનાં રોકાણને ૬ વર્ષની મુદત ૨૦૦ કરોડનાં રોકાણ સામે ૧૦ વર્ષની મુદત તેમજ તેથી વધુનાં રોકાણ સબબે ૧૪ વર્ષ સુધીની મુદતની રાજયવેરા વ્યાજ મુક્ત વિલંબીત ચુકવણીની રાહતનાં આકર્ષણે છતાં અન્ય જીલ્લાની સરખામણીએ ૧૯૯૦, ૧૯૯૫, ૨૦૦૦ની પાયોનીયર તેમજ પ્રેસ્ટીજીયસ એકમોની આગળીનાં વેઢે ગણાતી મર્યાદિતતા ભુકંપ પછી કચ્છને બેઠું કરવા બાજપાઈજી દ્વારા કેશુભાઈ પટેલની કચ્છ માટેની રજુઆત લક્ષમાં લઈ ત્રણ વર્ષમાં ઉત્પાદનમાં આવનાર ઉધ્યોગોને એક્સાઈઝ માફીની જુલાઈ ૨૦૦૧ ની જાહેરાતે દેશભરનાં ઔધોગીક ગૃહો કચ્છમાં એક્સાઈઝ માફી તેમજ રાજય સરકારની સેલ્સટેક્ષ/VATની માફી કે વિલંબીત ચુકવણીનાં આકર્ષણે કચ્છમાં ૭૭ એકમો કાર્યરત થયેલ અનુભવાય છે. ત્રણ વર્ષનાં ઉત્પાદનમાં આવવાની કટ ઑફ ડેઈટ જુલાઈ ૨૦૦૪ થી ડીસેમ્બર ૨૦૦૪ સુધી જ લંબાવનાર NDA સરકાર બદલ્યે U.P.Aની નવી સરકાર સમક્ષ કચ્છનાં ઔધોગીક એકમોની ઉત્પાદન સમય બધ્ધતા વધારવા/લંબાવવાની જરૂરી રજુઆતો પરત્વે કેન્દ્ર સરકારની નકારાત્મકતાની જીલ્લા સંકલંન સમીતીમાં જાણ થતાં કચ્છનાં ધારાસભ્યો દ્વારા દિલ્હી સ્થિત વડાપ્રધાન અને નાણામંત્રીને ૨ સપ્ટેમ્બર ૨૦૦૪નાં લખાયેલ પત્ર તેમજ કચ્છનાં સાંસદ પુષ્પ દાન ગઢવી સહિત ગુજરાતમાં સાંસદો દ્વારા તત્કાલીન નાણામંત્રી પી.ચીદંબરમ દ્વારા અગાઉની સરકારે નક્કી રાખેલ મુદત વધાર્યા છતાં નિયત સમયમાં ઔધોગીક એકમો શરૂ ન કરવાની નિષ્ફળતા ને જવાબદાર ગણવાનો પૂર્વાગ્રહ/ગેરસમજ દૂર કરાવતો પત્ર લખનાર હોઈ ૨ સપ્ટેમ્બર ૨૦૦૪નાં લખાયેલા પત્રમાં જુલાઈ ૨૦૦૧ની જાહેરાતે કચ્છમાં આવનાર ઔધોગીક એકમોને જમીન સંપાદન/નાણાકીય સંસ્થાઓનો સહયોગ પ્રદૂષણ સબબે N.O.C મેળવવા જેવી અનેક વિલંબીતતા નીવારવા ૨૦૦૪ ડીસેમ્બરની કટ ઑફ ડેઈટનો સમય વધારવાનાં અસરકારક મુદ્દા સમજાયે ૨૦૦૪ની દિવાળી પહેલા ધનતેરશે એક વર્ષનાં વધારાની કેન્દ્ર સરકારની જાહેરાત પછી તબક્કાવાર અગાઉ ઉલ્લેખ કરેલ ૭૭ એકમો એક્સાઈઝ માફી મેળવનાર બન્યા જેમાં વધારેલા ૧ વર્ષનાં ૨૦૦૫નાં વર્ષમાં ૫૧ ઉદ્યોગો ને સમય વધાર્યાની અનુકુળતા બનવી પ્રજાકીય પ્રતીનીધીઓની મુદ્દાસરની દિલ્હીમાં રૂબરૂ મળી થયેલ રજુઆતને યાદ રાખવી જરૂરી ગણીએ.૨૦૦૫નાં વધેલ સમયમાં શરૂ થયેલ એક્સાઈઝ માફી મેળવનાર એકમો પૈકી ૩૨ એકમો જુલાઈ ૨૦૦૫ પછી તેમજ આ ૩૨ એકમો પૈકી ૧૯ એકમો તો ડીસેમ્બર ૨૦૦૫માં ઉત્પાદનમાં આવનાર રાત દિવસ એક કરી ૩૧મી ડીસેમ્બર ૨૦૦૫ પહેલા ઉત્પાદનનું વેચાણ પુરવાર કરનાર બન્યું તા.૧૧/ ૦૪/ ૨૦૦૮નાં આવેલ યાદી અનુસાર કરોડો રૂપિયાની ભરેલ એક્સાઈઝ ડ્યુટીનું રીફંડ મેળવવા હક્કદાર બનનાર તેમજ તેમને મળેલ મુદત વધારાને સાર્થક બનાવી મળેલ એક્સાઈઝ માફીથી અનેકગણી રકમ એક્સાઈઝ/વેટને GSTનાં માધ્યમે રાજય અને રાષ્ટ્રની તીજોરીમાં ભરી રહ્યા છે. ક્યારેક આંધી-રેતીની ડમરી તેમજ મૃગજળની ઓળખનું કચ્છ ઔધોગીક હબ બનવા/બનાવવાની તવારીખ, પરિશ્રમ, પ્રયત્નોને યાદ કરવા જરૂરી ગણીએ.

# આંધ્રપ્રદેશનો શ્રી નિવાસ ૭ વર્ષે ઘરે પહોંચ્યો



ભુજ : આંધ્રપ્રદેશનાં નંદીકોરકુટ વિસ્તારનો ૪૮ વર્ષિય શ્રી નિવાસ ૭ વર્ષ પછી ઘરે પહોંચતાં પરિવારજનોમાં અનહદ ખુશી છવાઈ હતી. અનેક રાજયોમાંથી રખડતો-ભટકતો તે બાયડનાં જય અંબે સમાજ સેવા ટ્રસ્ટ આશ્રમે પહોંચ્યો હતો. માનવજ્યોત ભુજનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્મા બાયડ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે તેને ભુજ લઈ આવ્યા હતા. માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારા મધ્યે રાખી ભુજની માનસિક આરોગ્યની હોસ્પીટલમાં તેની સારવાર કરાવી આંધ્રપ્રદેશની પોલીસની મદદ લઈ તેનું ઘર શોધી કઢાતાં તેનો પુત્ર તેને તેડવા ભુજ આવી પહોંચ્યો હતો. તેનાં જણાવ્યા મુજબ પિતાની ૭ વર્ષથી સતત શોધ ચલાવી રહ્યા છીએ. ઘરે મારી માતા તથા મારા ભાઈ બહેનો શ્રી નિવાસ ઘરે આવશે તેવી લાંબા સમયથી રાહ જોઈ બેઠા છે. આખરે પરિવારની મુશ્કેલીનો અંત આવ્યો. પિતા - પુત્ર એકબીજાને ભેટી પડતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. સૌની આંખો અશ્રુભીની બની હતી.કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, દિપેશ શાહ, પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કનૈયાલાલ અબોટી, રફીક બાવા સહભાગી બન્યા હતા.

# કચ્છમાં ૧૯૧૩ મતદારો ઘરે બેઠા મતદાનનો ઉપયોગ કરશે

**૮૫ વર્ષથી વધુના વડીલો, આવશ્યક સેવામાં ફરજ બજાવતા કર્મી, દિવ્યાંગો પોસ્ટલ બેલેટથી મતદાન વિકલ્પ સ્વીકાર્યો**

ભુજ : લોકસભાની ચૂંટણી વખતે પોતાના મતદાનનો ઉપયોગ વધુમાં વધુ કરવા માટે લોકજાગૃતિ, પ્રચાર-પ્રસાર માધ્યમોનો ઉપયોગ ચૂંટણી પંચે કર્યો છે ત્યારે ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર ૮૫ વર્ષથી ઉપર ઉંમરની વડીલ ૪૦ ટકાથી વધુની વિકલાંગતા ધરાવતા દિવ્યાંગો અને આવશ્યક સેવામાં ફરજ બજાવતા કર્મીઓને પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની તક આપવામાં આવી છે.કચ્છની વાત કરીએ તો ૧૯૧૩ લોકોએ ઘર બેઠા મતદાનનો વિકલ્પ પસંદ કર્યો છે. એમાં ત્રણ શ્રેણીનો સમાવેશ થાય છે. ૧૨૯૬ વકીલ મતદાર છે. આ વડીલ મતદારોમાં અબડાસા જિલ્લામાં ૫૭૨ જણાએ ઘર બેઠા મતદાન કરવાનો નિર્ણય કર્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, અગાઉ ૮૦ વર્ષના વડીલો ઘરે બેઠા મતદાન કરવાની છૂટ મળી હતી. આ વખતે ૮૫ વર્ષના વડીલોને ઉપયોગ કરવા મળશે તેવું ચૂંટણી શાખામાંથી માહિતી આપવામાં આવી છે. કચ્છમાં ૧૪,૪૨૭ મતદારો સતાવાર રીતે નોંધાયેલા હતા. તેમાંથી ૧૨૯૬ વડીલોએ મતદાન ઘરે રહીને કરશે.

આવી જ રીતે ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા દિવ્યાંગોને ઘરે મતદાન કરવાનો ચૂંટણી પંચે વિકલ્પ અપાતા કચ્છમાં કુલ ૧૩,૦૦૦ જેટલા દિવ્યાંગો નોંધાયેલા છે. તેમાંથી ૪૧૫ મતદારો ઘર બેઠા મતદાનનો ઉપયોગ કરવાનો નવિકલ્પ પસંદ કર્યો છે. સાથે આવશ્યક સેવામાં ફરજ બજાવતા કર્મચારી ૨૦૨ને પોસ્ટલ બેલેટના માધ્યમથી પોતાના મતદાનનો ઉપયોગ કરશે.

# ભરતભાઈ ધોળકિયાને નાગર રત્ન એવોર્ડ એનાયત કરાયો



ભુજ : હાટકેશ સેવા મંડળ ભુજ અને ગુજરાત નાગર યુવા પરિષદ અમદાવાદ દ્વારા હાટકેશ જયંતિની પૂર્વ સંધ્યાએ કચ્છના જાણીતા એડવોકેટ ભરતભાઈ એમ. ધોળકિયાને નાગર રત્ન એવોર્ડ એનાયત કરાયો હતો.


આ પ્રસંગે પ્રારંભમાં આશિષ વૈદ્યએ પ્રાર્થના રજૂ કરી હતી. જયશ્રીબેન હાથીએ આવકાર આપ્યો હતો. સ્વાગત વિભાકરભાઈ અંતાણીએ કર્યું હતું. એવોર્ડનું વાંચન હસમુખભાઈ વોરાએ કર્યું હતું. પ્રસંગ પરિચય હાટકેશજનના તંત્રી અવિનાશભાઈ વૈદ્યે આપ્યો હતો. નાગર જ્ઞાતિના રત્નાકરભાઈ ધોળકિયા, પૂર્ણિમાબેન પાઠક, ધર્મિષ્ઠાબેન ધોળકિયા, જ્યોતિબાળાબેન ઝાલા, જગદીશચંદ્રભાઈ છાયા, કામિનીબેન માંકડ, રાજ પરિવારના જોરાવરસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. હરેશભાઈ વ્યાસ, કલ્પનાબેન વોરા અને પારૂલબેન બુચે ભરતભાઈ ધોળકિયા અને તેમના ધર્મપત્ની મીનાબેન ધોળકિયાના દૂધ પાણીથી પગ ધોયા હતા. જય હાટકેશના નારા સાથે કચ્છી પાઘડી, ગીતાજીનું પુસ્તક, શ્રીફળ, સાકર, ફૂલહાર મોમેન્ટો સાથે નાગર રત્ન એવોર્ડ ભરતભાઈ ધોળકિયાને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બિનાલીબેન મહેતા, આશિષકુમાર મહેતા, દર્શનાબેન સુરેશભાઈ હાથી, વૈષ્ણવ ભાઈ છાયાભાઈ, કલ્પનાબેન માંકડ, વોરા સાતના ડેલાવતી હેમાંશુભાઈ અંતાણી, ભારતીબેન છાયા, નરેન્દ્રભાઈ વોરા, હંસરાજભાઈ દૈયા હાજર રહ્યા હતા. જોરાવરસિંહ રાઠોડે શાલ દ્વારા ભરતભાઈનું સન્માન કર્યું હતું. ભરતભાઈ ધોળકિયાએ સન્માન બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આભારવિધિ કલ્પનાબેન માકડે જયારે વ્યવસ્થા પારૂલબેન બુચ, હસમુખભાઈ વોરા, જયશ્રીબેન હાથી, અનુપમભાઈ શુક્લ અને માકડબેને સંભાળી હતી. સંચાલન રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અને નાગર રત્ન વિભાકરભાઈ અંતાણીએ કર્યું હતું. ઈન્દ્રવદનભાઈ છાયા, નિલયભાઈ અંજારિયા, કેતનભાઈ પંડિત, ભાવનાબેન જોશી, વત્સલાબેન શુક્લ, જયેન્દ્રભાઈ પંડ્યા, કનુભાઈ વ્યાસ વગેરે શુભેચ્છા પાઠવી હતી.



























## મુખ્યમંત્રીને આવકારવા તડામાર તૈયારી



**આવતીકાલે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નખત્રાણા ખાતે ચૂંટણી પ્રવાસે આવી રહ્યા છે. નખત્રાણા બજરંગ ગ્રાઉન્ડ ખાતે વિશાળ ડોમ બનાવવાની તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. આવતીકાલે વેપારી મિત્રો પોતાના કામધંધા બંધ રાખી નખત્રાણા વિકાસમાં સહભાગી બને તેવું અનુરોધ કરાયો હતો. આવતીકાલે મુખ્યમંત્રીની જાહેરસભામાં ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા વગેરે ઉપસ્થિત રહેશે.**

## આડેસરમાં યુવાને ઝેરી દવા પી આયખું ટૂંકાવ્યું

રાપર : તાલુકાના આડેસર ગામે યુવાને ઝેરી દવા પી આયખુ ટૂંકાવ્યું હતું. આ અંગે આડેસર પોલીસ મથકે કૃણાલ ખેમરાજદાન ગઢવીએ જણાવ્યું હતું કે, મરણજનાર ધીરૂભા કરણીદાન ગઢવી (ઉ.વ. ૧૯) (રહે મહાદેવનગર, આડેસર)એ તા. ૧૮મી એપ્રિલના પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર કારગત નિવડે તે પહેલા મોત થયું હતું. જેથી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### સરહદી જિલ્લો પીજીવીસીએલ માટે કમાઉ દીકરો છે

# કચ્છમાં વીજ લેણાની વસૂલાત ૮૩ કરોડની બાકી..?

**વીજ વસૂલાત માટે વીજતંત્ર ઉંધા માથે ? : ઘર વપરાશ, ઉદ્યોગ, કૃષિ વગેરેના કેટલી બાકી રકમ છે તે તંત્ર ફોડ પાડતું નથી..? : વીજ તંત્રમાં ભ્રષ્ટબાબુઓની બોલબાલા રહી છે**

ભુજ : એસટી બસ, ટ્રેનમાં પહેલા ટિકિટ લેવી પડે પછી પ્રવાસ થાય, મોબાઈલમાં પહેલાં બેલેન્સ ભરાવવું પડે પછી વાત કે નેટની સુવિધા મળે, ડિશ ટીવી માટે પણ એડવાન્સમાં જ નાણાં ભરાય પછી જ જોડાણ મળે, જ્યારે વીજ જોડાણ જ એવું છે કે ગમે તેટલું વાપરો પછી બીલ આવે અને તે પણ ન ભરો તો બે - ત્રણ મહિને પુછાણું થાય પછી તક અપાય, પછી માંડવાળ માટે બોલાવાય છે. પછી હપ્તા કરી ગ્રાહકની વ્યવસ્થા મુજબ ગોઠવી આપવામાં આવે છે.

કચ્છમાં હાલે વીજ તંત્ર પીજીવીસીએલ કેસ કલેકશન સેન્ટર ખુલ્યા છે. શહેર, નગર વિસ્તારમાં મંદી, માર્ચ, માંદગી, મોંઘવારીએ લોકોને દોડતા કરી દીધા છે. જ્યાં જુઓ ત્યાં પૈસાની બુમ છે ત્યારે વીજતંત્રએ એના લાઈનમેન, હેલ્પરોને પણ ઉઘરાણીના વોર્ડ વાઈઝ લિસ્ટ પકડાવી દીધા છે અને રીતસર ધંધે લગાડી દીધા છે તો અમુક લાઈનમેન અમુક પર્સનલ વોટ્સએપ ગ્રૂપમાં વીજ લેણા ભરપાઈ કરવા મેસેજ દ્વારા વિનવણી કરી રહ્યા છે, તો અમુક કર્મયોગી કર્મી આ લખનારને કહ્યું કે માર્ચ મહિનામાં નગર - શહેરમાં થતા અવાર - નવાર વીજ ધાંધિયાનું કારણ પણ ઉઘરાણી જ છે ? ૨૧ લાખની વસ્તી ધરાવતા સરહદી આ જિલ્લામાં ૯૦૦થી વધારે ગામડા છે તે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના મોટામાં મોટા ગ્રાહકો છે છતા ૧૦ - ૧૨ ઘરે હાલે ચડેલા વીજ બિલની મોકાણ છે.

તંત્ર કરોડો કમાય છે અને છતાં કરોડોના બિલ બાકી બોલે છે. એક જણનું બિલ બાકી હોય તોય સીધુ વીજ જોડાણ કાપી નાખે છે ? કોઈ આ માઈનો લાલ આ વીજ તંત્રને પુછનાર કે કચ્છમાં આખે આખા ટ્રાન્સફોર્મર રેસા, થાંભલા નાખીને બેનામી નહીં પણ ધરાર ચોરી જ થતા વિજળીના બિલો કોણ ભરનારૂં છે ? ઉદ્યોગોના બાકી વીજબિલ માટે તમો કોના લાજનો ઘુંઘટો કાઢો છો ? તેમને કોની શરમ નડે છે ? દુનિયા ભરને ખબર છે કે, ખેતીવાડી ક્ષેત્ર વીજચોરી નહીં પણ રીતસરની લૂંટ થાય છે તે અટકાવવા કેમ વીજ તંત્ર આગળ નથી આવતું ? કચ્છના વીજ તંત્રના ૮૩ કરોડના વિક્રમી લેણા બાકી છે ત્યારે આવી રકમમાં ઘર વપરાશના કેટલા ? ખેતીવાડીના કેટલા ? અને ઉદ્યોગગૃહની કેટલી રકમ ? અને કચ્છની સરકારી કચેરી, ગ્રામ પંચાયત, સુધરાઈના કેટલા ? આમ વર્ગીકરણ કરીને તમામ ખાતાની કેટલી રકમ બાકી છે તે વીજ તંત્ર કેમ ફોડ પાડતું નથી ? કચ્છમાં જમાઈની જેમ આવી પડેલા ઉદ્યોગોના વીજબિલ બાકી હોય તો તેમને નામજોગ જાહેર કરવા જોઈએ.

પાકા સરવૈયામાં સરકારને સીએસઆર ફંડ ફાળવ્યું હોવાનું બતાવતા હોય તો તેવા નામો અને રાજકીય પક્ષોએ ફંડ લીધો હોય તેવા નામો વીજતંત્ર જાહેર કરવા જોઈએ. ભ્રષ્ટ વીજતંત્રમાં એક વગદાર વર્ગ તો છે જ કે જે ગરબડ કરે છે. ભુતિયા જોડાણો, શાકભાજીને પાણી પીવડાતા જોડાણો તંત્રની ઝપટે કેમ કરંટ નથી લાગતો ? રોજનું કમાઈ ખાતો અને જેના સંતાનોની પરીક્ષા છે તેવા વર્ગ વીજતંત્રને લેણા ભરવામાં કેમ દેખાય છે ? ધરતીપુત્રો કે ઉદ્યોગપતિઓ સામે આ તંત્ર વામણું કેમ પુરવાર થાય છે. કચ્છ વીજતંત્ર માટે કમાઉ દીકરો છે. ભુજ અને અંજાર સર્કલ એકલા માત્ર મસમોટા બિલ દબાવીને બેઠા છે ત્યારે નાના લોકોના વીજ બિલ માટે પીજીવીસીએલની આ કડક થી ફેસ ઉઘરાણી વ્યાજબી તો નથી જ તેવું આમ આદમી કહી રહ્યો છે.

જાણકારો એટલે સુધી જણાવે છે કે, વાગડ રણકાંધી અને નમક ઉદ્યોગોના પ્લોટો સુધી કોણે થાંભલા નાખી દોડરા ખેંચી ટ્રાન્સફોર્મર મુકીને તદન મફત વીજળી આપી ? એ કૃત્યના કરનારાઓ સજાને બદલે મજાની પોસ્ટ પર ફરજ બજાવે છે તેવોની વાત નથી પણ નાના માણસોની કનગડત કરવી તે પણ વ્યાજબી તો નથી ને..?

## લેન્ડ ગ્રેબિંગના કેસમાં નાસતા ફરતા આરોપીની કરાઈ ધરપકડ



ગાંધીધામ : લોકસભાની ચૂંટણી અન્વયે નાસતા ફરતા આરોપીને શોધખોળ કરવા સૂચના અપાઈ હતી. જે સૂચના અન્વયે એન.એન. ચુડાસમાની આગેવાનીમાં એલસીબીની ટીમ નાસતા ફરતા આરોપીઓને શોધવા પ્રયત્નશીલ હતી. ત્યારે બાતમીના આધારે ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ જમીન પચાવી પાડવાના ગુનાનો આરોપી હુકમતસિંહ જુગતસિંહ રાઠોડ (રહે સહારાનગર, ગળપાદર) વાળો ગળપાદરમાં હોવાની બાતમીના આધારે પકડી પાડ્યો હતો.

# રાપર મામલતદાર કચેરીને ભ્રષ્ટાચારનો ભરડો

**કચેરીમાં નાણાં વગર અરજદારોના કોઈ કામ ન થતા હોવાની ઉઠી ફરિયાદ**

રાપર : વાગડ વિસ્તારના રાપર તાલુકા મથક ખાતે આવેલ તાલુકા મામલતદાર કચેરી કે જ્યાંથી તમામ વહીવટી કામગીરી પ્રજાજનોની થાય છે જેમાં મહેસુલ વિભાગને લગતી વારસાઈ નોંધ, હકકપત્રક, ખેડૂતોને લગતી નોંધ તથા ૭/૧૨, ૮-અ સહિતની કામગીરી માટે લોકો આવે છે પરંતુ રાપર મામલતદાર કચેરીમાં અરજદારોનું કામ નાણાં વગર થતું ન હોવાની રાવ ઉઠી છે.

આ અંગે મળતી વિગતો મુજબ રાપરના ગ્રામ્ય વિસ્તારના એક ખેડૂતને વારસાઈ હક્ક તથા નોંધ પડાવવાની હતી જે અંગેની નોંધ પડાવવા માટે વારસાઈ નોંધના સવા લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી તો અન્ય નોંધો માટે પણ પાંચ આંકડા મુજબ માંગણી કરવામાં આવે છે અને ખેડૂતો તથા વારસાઈ નોંધ કે અન્ય કોઈ કામગીરી માટે આવતા લોકોની કામગીરી નાણાં વગર થતી નથી તેવી વ્યાપક ફરિયાદ ઉઠી છે. મામલતદાર કચેરીમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા માત્ર લોબી અને કમ્પાઉન્ડમાં જ ચાલુ રાખવામાં આવ્યા છે. જયારે મામલતદારની ચેમ્બર તથા અન્ય શાખાની ચેમ્બરમાં સીસીટીવી કેમેરા બંધ જ હોય છે. આ કચેરીમાં જવાબદાર અધિકારીના ચાર હાથ છે એટલે કૌભાંડ કરતા કર્મચારીઓને છૂટો દોર મળ્યો છે. બોગસ ખેડૂત ખાતેદાર તથા સ્થાનિકેના બોગસ આધાર બનાવીને રાપર તાલુકાના રહેવાસીના આધાર બનાવીને કૌભાંડ આચરવામાં આવે છે. રાપર તાલુકો આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો વિસ્તાર છે. ભુતકાળમાં રાપર મામલતદાર કચેરીમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશના નાગરિકના રેશનકાર્ડ તથા ખેડૂત ખાતેદાર બની ગયા હતા. તદુપરાંત રાપર તાલુકામાં અન્ય રાજ્યોના લોકો જમીન ખરીદી કે અહી રહેવાસીના બની શકે તેવો કેન્દ્ર સરકારનો આદેશ છે છતાં રાપર તાલુકામાં મામલતદાર કચેરીમાં બોગસ દસ્તાવેજો બનાવીને રાપર તાલુકાના રહેવાસી બની ગયા છે, જેમાં હરીયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ સહિતના રાજયના અનેક લોકો બોગસ ખેડૂત ખાતેદારો બની ગયા છે. જો રાપર તાલુકા મામલતદાર કચેરીની તપાસ કલેકટર કે એસીબી દ્વારા કરવામાં આવે તો અનેકના પગ તળે રેલો આવે તેમ છે. હાલ લોકસભાની ચુંટણીમાં કલેકટર તથા અન્ય અધિકારીઓ વ્યસ્ત છે ત્યારે રાપર મામલતદાર કચેરીમાં અરજદારો પાસેથી ખુલ્લેઆમ માંગણી કરવામાં આવી રહી છે એટલે કૌભાંડ આચરતા કર્મચારીઓને છુટો દોર મળી ગયો છે. નાણાં માંગતા અનેક કર્મચારીઓના મોબાઈલની તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે તેવું સુત્રો જણાવી રહ્યા છે. એક અરજદારે નોંધ પડાવવા માટે રુપિયાની માંગણી કરતાં કર્મચારીનું રેકોર્ડીંગ કરી ઉચ્ચ કક્ષાએ તપાસ માટે ફરીયાદ કરી છે. રાપર તાલુકા મામલતદાર કચેરીમાં નાણા વગર કોઈ પણ પ્રકારના કામ ન થતાં હોવાની રાવ ઉઠી છે તે બાબતની તપાસ કરવા માટે જિલ્લા કલેકટર અને એસીબીને પત્ર પાઠવીને ગુજરાત જન વિકાસ સંઘના કન્વીનર અજય એમ.પરમાર દ્વારા માંગણી કરવામાં આવી છે.

## રાપરની મારમારીમાં ત્રણ સામે ફરિયાદ

રાપર : શહેરના માલીચોકમાં મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં ફરિયાદી રૂડીબેન મુરજીભાઈ વાવિયા (પટેલે) રાપર પોલીસમાં જણાવ્યું હતું કે, શૈલેશભાઈ છાની ભાગે ત્રિશુલનો માર મારેલ તેમજ ભાણજીભાઈએ લાકડી વડે ડાબા હાથમાં ફેક્ચર કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી શૈલેશભાઈ ભાણજીભાઈ સુથાર, ભાણજીભાઈ ખીમજીભાઈ સુથાર, ગાંગાભાઈ ખેતાભાઈ સુથાર અને નટુભાઈ ઠાકરશી સુથાર (રહે સેલારી, તા. રાપર) સામે ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છ ઘોરાડ અભ્યારણ : અંડરગ્રાઉન્ડ વીજરેષા મુદ્દે થશે ફેર વિચારણા

**દેશની સર્વોચ્ચ અદાલતે કચ્છ અને રાજસ્થાનમાં લુપ્તપ્રાય પક્ષી ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ ના સંરક્ષણ અને નવીનીકરણ ઊર્જાના પાયાના માળખા વચ્ચે સંતુલનના ઉપાય સૂચવવા સમિતિની કરી રચના**

નલિયા : સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ જળવાયુ પરિવર્તનના મુદ્દે ખૂબ મહત્ત્વની ટિપ્પણી કરી જણાવ્યું હતું કે જળવાયુ પરિવર્તનના પ્રભાવોથી મુક્ત થવાનો લોકોને મૌલિક અધિકાર છે. સાથે જ એ વાત પર ભાર મૂક્યો કે ભારત જેવા દેશે આરોગ્ય અને સતત વિકાસ માટે પોતાનાં આંતરરાષ્ટ્રીય દાયિત્વોને જાળવી રાખવાં જોઈએ. સુપ્રીમ કોર્ટે કચ્છ જિલ્લા અને રાજસ્થાનમાં લુપ્તપ્રાય પક્ષી ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (ઘોરાડ)ના સંરક્ષણ અને નવીનીકરણ ઊર્જાના પાયાના માળખા વચ્ચે સંતુલનના ઉપાય સૂચવવા એક સમિતિની રચના કરી છે. આ દરમિયાન કોર્ટે કહ્યું કે જળવાયુ પરિવર્તન સમાનતાના અધિકારની બંધારણીય ગેરંટીને પ્રભાવિત કરે છે. સુપ્રીમ કોર્ટે પોતાના એપ્રિલ ૨૦૨૧ના આદેશને પાછો ખેંચી લીધો છે, જેમાં બંને રાજ્યોમાં ૮૦ હજાર વર્ગ કિમી કરતાં વધારે ક્ષેત્રમાં ઓવરહેડ ટ્રાન્સમિશન લાઈનોને ભૂમિગત કરવી જરૂરી હતી. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારડીવાલા, અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે કહ્યું કે હાઈ વોલ્ટેજ અને ઓછા વોલ્ટેજની વિદ્યુત લાઈનો જમીનની નીચે નાખવા માટે કરાયેલા આદેશ અંગે નવેસરથી વિચારણા કરવાની જરૂર છે. બેંચે કહ્યું કે જળવાયુ પરિવર્તન સમાનતાના અધિકારની બંધારણીય ગેરંટીને પ્રભાવિત કરી શકે છે. જળવાયુ પરિવર્તનની અનિશ્ચિતાઓથી સ્થિર અને અપ્રભાવિત સ્વચ્છ પર્યાવરણ વિના જીવનનો અધિકાર સંપૂર્ણ સાકાર નથી થતો. સ્વાસ્થ્યનો અધિકાર વાયુ પ્રદૂષણ, વેક્ટર જનિત બીમારીઓમાં પરિવર્તન, વધતું તાપમાન, દુકાળ, પાક બગડવાના કારણે ખાદ્ય પુરવઠામાં ઘટ, તોફાન અને પુર જેવાં કારકોના કારણે પ્રભાવિત થાય છે.

# ભુજના રઘુનાથજી મંદિરે રામનવમીની ભક્તિભાવભેર ઉજવણી





ભુજ : અહીં ઉપલીપાળ રોડ ઉપર આવેલ વર્ષો પુરાણા રઘુનાથજી મંદિરે ભગવાન શ્રીરામના જન્મોત્સવ આનંદ ઉત્સાહથી ઉજવાયો હતો. સવારે ભગવાન શ્રીરામના પૂજન ગોવિંદી માધવજી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોકવિધિ ભરતભાઈ દવે દ્વારા કરાવામાં આવી હતી ત્યારબાદ શૃંગાર આરતી મંદિરના પૂજારી સુનિલભાઈએ કરી હતી. સવારે ૧૦ કલાકે રામજીના જન્મોત્સવ પહેલા રવાડીનું કાઢવામાં આવી હતી.

આ રવાડી રઘુનાથજી મંદિરથી નાગર ચકલા, છઠ્ઠીબારી રિંગ રોડ, જિલ્લા પંચાયત, ભવનેશ્વર તળાવ, મહાદેવ નાકાથી રઘુનાથજી મંદિરે પહોંચેલ જ્યાં રઘુનાથજી મંદિરના પૂજારી દ્વારા રવાડીનું સ્વાગત કરાયું હતું. ભગવાન શ્રીરામના જન્મોત્સવનો ઉત્સાહક દર્શનાર્થીઓના ચહેરા ઉપર દેખાતો હતો અને બરાબર ૧૨ કલાકે ભગવાન શ્રીરામના જન્મનો જય ઘોષ પૂજારી પ રિવાર દ્વારા કરવામાં આવેલ અને કિશોરભાઈ વ્યાસ, ઋષિભાઈ ભાટીયા, હરમન ઝાલા તેમજ કલ્પ જોશીના સાજિંદાઓ દ્વારા ભગવાન શ્રીરામની આરતી કરવામાં આવી હતી. ભગવાન શ્રીરામની પ્રસાદ હેમેનભાઈ દયા દ્વારા કરવામાં આવેલ.

આ કાર્યક્રમની તૈયારીમાં રઘુનાથ જીનામ સેવા ટ્રસ્ટ પ્રમુખ પ્રવીણભાઈ પુજારા, મંત્રી મહેશભાઈ કંસારા, કિશોરભાઈ જોબનપુત્રા, જયેશભાઈ સોનેતા, રાજુભાઈ પુરોહિત, ભાવેશભાઈ ભટ્ટ, જે.કે. કંસારા, બીપીનભાઈ જોબનપુત્રા, પૂજારી પરિવારના હરેશભાઈ વ્યાસ, સુનિલભાઈ વ્યાસ, સંજયભાઈ વ્યાસ દ્વારા જહેમત ઉઠાવી હતી. રવાડીની વ્યવસ્થામાં ભટ્ટ શેરી યુવક મંડળ દ્વારા દરેક માટે શરબતની વ્યવસ્થા કરવામાં આવેલ અને રવાડીને સફળ બનાવવામાં મયુરભાઈ વ્યાસ, પૂજનભાઈ વ્યાસ, નીરવભાઈ વ્યાસ, દેવાંશ મુકેશભાઈ રાઠોડ, પરાગ કટ્ટા, નીલમ વ્યાસ, અરૂણાબેન સેવક, મોનાબેન સેવક, જય વિશ્વ હિન્દુ પરિષદના જયેશભાઈ કોઠારી, સુદીપભાઈ, કેયુરભાઈએ જહેમત ઉઠાવી હતી.

# વેલજી મતિયાદેવ સ્થાનકે ૩૦-૪ના યાત્રા યોજાશે

**ટ્રસ્ટ દ્વારા એક જ દિવસ યાત્રા કરવાનો મિટીંગમાં લેવાયો નિર્ણય**

ભુજ : પોતાના મૃત્યુ પહેલા આગમભાષી દેવલોક પામેલા વેલજી મતિયાદેવની સમાધિ સ્થળ અંજાર તાલુકાના ખંભરા ખાતે દર વર્ષે બે દિવસ યાત્રાને બદલે ચાલુ વર્ષે તા. ૩૦-૪ મંગળવાર ચૈત્ર છઠ્ઠના દિવસે યોજવાનો ટ્રસ્ટ દ્વારા મળેલી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે.વેલજી મતિયાદેવ ટ્રસ્ટની મળેલી બેઠકમાં ટ્રસ્ટના પ્રમુખ દેવજીભાઈ સુંઠાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં તા. ૩૦-૪ના દિવસે એક દિવસ દરમ્યાન યાત્રા યોજવા નક્કી કરાયું હતું. સવારે પીર સાહેબ નારાણદેવ લાલણ અને પંનહથા શ્રી માયાદેવ દાદાના સામૈયા બાદ યાત્રાનો પ્રારંભ થશે. જેમાં ધ્વજારોહણ, પુજા, પેડી, બારમતી ધર્મપંથ, સમાધિપૂજન, ત્યારબાદ સાંજે મહાઆરતી બાદ યાત્રાની પૂર્ણાહતિ કરવામાં આવશે. યાત્રાની પૂર્વ સંધ્યાએ મહાઆરતી, ધર્મગુરૂઓ માતંગ શાસ્ત્રનું જ્ઞાનકથન આપવામાં આવશે. ટ્રસ્ટના હોદેદારો નાગશી ફફલ, પૂનમચંદ ધુવા, હિરાલાલ બળિયા, થાવરભાઈ ડુંગળિયા, કરશનભાઈ દનિચા, નારાયણભાઈ ફફલ, અશોકભાઈ હાથી, નારાયણભાઈ બળિયા અને પ્રેમજીભાઈ પાતારિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વેલજી મતિયા દેવ મંદિરનું કાર્ય વહેલી તકે પુરો કરવા નેમ વ્યક્ત કરાઈ હતી. અહીં આવતા ભાવિક ભક્તો, યાત્રિકોની સુવિધા માટે ત્રણ રૂમોનું કામ પુર્ણ કરવા અને નારાયણ પટેલ સમાજના એક સખીદાતા તરફથી મંદિર નિર્માણ માટે મળેલા અનુદાન ૧૧,૧૧,૧૧૧ અંગે દાતાશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# વર્માનગર (પાન્ધ્રો)ના મકાનમાં રાખેલ ૫૦ હજારનો દારૂ પકડાયો

**લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી કાર્યવાહી**



ભુજ : વર્માનગર પાન્ધ્રોમાં મકાનમાં રાખેલ ૫૦ હજારના શરાબ સાથે આરોપીની એલસીબીએ અટક કરી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી. કે, લખપત તાલુકાના વર્માનગર (પાન્ધ્રો)ના પ્રવીણસિંહ લાખિયારજી સોઢાએ પોતાના મકાનમાં દારૂ રાખીને વેચાણ કરે છે. તે બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા આરોપી પ્રવીણસિંહના કબ્જામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૩૨૪ બોટલ મળી આવી હતી. જેની કિ.રૂા. ૫૩,૪૦૦ કબ્જે લઈ નારાયણ સરોવર પોલીસને આરોપી અને મુદામાલ સોપવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર એસ.એન. ચુડાસમા અને પોલીસ સબ ઈન્સ્પેકટર ટી.બી. રબારીના માર્ગદર્શનમાં ક્રાઈમ બ્રાન્ચના બલભદ્રસિંહ રાણા, વિરેન્દ્રસિંહ જાડેજા, સુરેન્દ્રસિહ ઝાલા, મયુરધ્વજસિંહ જાડેજા, મહિપાલસિંહ પુરોહિત, શક્તિસિંહ ગઢવી દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

## રાપરના બાલાસર નજીક અકસ્માત



રાપર તાલુકાના દેશલપર અને બાલાસર વચ્ચે સ્પીડ બ્રેકરના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. બ્રીજ પરના સ્પીડ બ્રેકરના કારણે એક કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં બે લોકોને ઈજાઓ પહોંચી હતી. રાપર ધોળાવીરા માર્ગ પર રાતોરાત સ્પીડ બ્રેકર બનાવી દેવાયા છે. આ સ્પીડબ્રેકરો પર કોઈ નિશાની ન હોવાથી આજે સવારથી જ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. ગંભીર બેદરકારીના કારણે લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

# માનકુવામાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતી ઉજવાઈ





ભુજ : ભીમ યુવા સંગઠન માનકુવા દ્વારા ગ્રામ પંચાયત ખાતે આવેલી બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને હારારોપાણ કરી. બકાલા ચોકમાં સભા અને દાંડિયા રાસનું આયોજન કરાયું હતું. સમાજના આગેવાનો દલિત અધિકાર મંચ કચ્છનાં પ્રમુખ હિતેશભાઈ મહેશ્વરી, મહેશ્વરી સમાજના પ્રમુખ મંગલભાઈ ફમા, લાલજીભાઈ જાટ, અશોક સમ્રાટ, અનિલ યાદવ, અબ્દુલ વહાભ સમેજા વગેરે ઉપસ્થિત રહી બાબા સાહેબની જીવન શૈલી વિશે વક્તવ્ય આપ્યું હતું.

મહેમાનોનું અને કાયદો વ્યવસ્થા સંભાળવા બદલ માનકુવા પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રી ડી.એન. વસાવા, પીએસઆઈ શ્રી એચ.એચ. બ્રહ્મભટ્ટનું ભીમ યુવા સંગઠન દ્વારા સન્માન કરી આભાર વ્યક્ત કરાયુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ભીમ યુવા સંગઠનના પ્રમુખ દિનેશભાઈ સીજૂ, ઉપપ્રમુખ નરેશ માતંગ, જગદીશ સીજુ, મનોજ ચાવડા, ગાંગજી સીજુ, રમેશ સીજુ, રાજેશ રોસીયા, ખજાનચી રાજ માતંગ, સહખજાનચી જય ધુવા, મંત્રી ધીરૂ ચાવડા વગેરે વ્યવસ્થા સંભાળવવામાં જોડાયા હતા. સંચાલન એડવોકેટ મહેશ વી પુરાણીયાએ કર્યું હતું.

## બળદગાડુ એ ઈતિહાસ બન્યું



એક સમયે ખેડૂતોના સાચા સાર્થી ગણાતા બળદગાડા હવે લુપ્ત થઈ ગયા છે. ખેતીકામમાં ટ્રેકટરના આગમન બાદ બળદગાડાની માંગ ઘટી છે. ભૂતકાળમાં ખેતર ઉપરાંત બળદગાડામાં પોથીયાત્રા, રવાડી, શોભાયાત્રા નિકળતી હતી. લગ્નની જાનમાં પણ બળદગાડા જોતરવામાં આવતા હતા. કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં પણ હવે બળદગાડુ ભાગ્યે જ જોવા મળે છે.

## મંગળવારે ગાંધીધામમાં હનુમાનજયંતિ ઉજવાશે

ગાંધીધામ : શહેરના સેકટર - ૬ ગણેશનગરમાં આવેલા રામભક્ત હનુમાન મંદિરે હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવશે. વાર્ષિક પરંપરા અનુસાર હનુમાન જયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. તા. ૨૩મી એપ્રિલના સવારે ૭:૩૦ કલાકે હનુમાનજીના પાઠ, સાંજે ૫ કલાકે શોભાયાત્રા, રાત્રે ૮ કલાકે મહાઆરતી, રાત્રે ૧૦ કલાકે રાસ ગરબા અને ભક્તિ સંધ્યાનું આયોજન કરાયું છે. સર્વે હનુમાન ભક્તોને લાભ લેવા મંદિરના પૂજારી કરસનભાઈ ચારણે અનુરોધ કર્યો છે.

# ગાંધીધામમાં કાર દારૂની હેરાફેરીનો થયો પર્દાફાશ

ગાંધીધામ : શહેરના સેકટર-૭માં આવેલ કિશોરકુંજ એપાર્ટમેન્ટની આગળ રોડની સાઈડમાં રાખેલ અલ્ટો કારમાંથી ભારતીય બનાવટના ૭૫૦ એમએલની વિદેશી દારૂની ૬૦ બોટલ કિ.રૂા. ૨૪,૦૦ તેમજ અલગ અલગ બ્રાન્ડના ૧૪૪ નંગ કવાટરિયા કિ.રૂા. ૧૪,૪૦૦ તેમજ ૫૮ ટીન કિ.રૂા. ૫૮૦૦ મળી ૪૪,૨૦૦ના દારૂ મળી આવ્યો હતો. અલ્ટો કાર કબ્જે કરી કુલ ૧,૪૪,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. દારૂમાં ગાંધીધામના રોટરીનગરના પ્રકાશ કાનજીભાઈ માતંગનું નામ ખુલ્યુ હતું. આરોપી હાજર મળી આવ્યો ન હતો.

# કચ્છ જિલ્લા ભાજપના લોકસભા ચૂંટણી સહસંયોજકો વરાયા

ભુજ : કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત વ્યવસ્થાના ભાગરૂપે કચ્છની છ વિધાનસભાઓના સહસંયોજકોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં અબડાસા બેઠક પર પરેશભાઈ ભાનુશાલી, સુરેન્દ્રસિંહ જાડેજા, માંડવી બેઠક પર નરેન્દ્રભાઈ પીઠડીયા, જીગરભાઈ છેડા, ભુજ બેઠક પર જયંતભાઈ માધાપરીયા, રાજેન્દ્રસિંહ જાડેજા, અંજાર બેઠક પર બાબુભાઈ હુંબલ, સંજયભાઈ દાવડા, ગાંધીધામ બેઠક પર ધનજીભાઈ હુંબલ અને રાપર બેઠક પર નામેરીભાઈ ઢીલા તથા કેશુભા વાઘેલાને સહ સંયોજક તરીકે પદભાર સોંપાયો છે તેવું જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિની યાદીમાં જણાવાયું છે.




# કોંગ્રેસના ઉમેદવાર નીતેશ લાલણને મુંદરા તાલુકામાંથી મળતો જબ્બર આવકાર




ભુજ : લોકસભા ચૂંટણીનો પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે. કચ્છ જિલ્લા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર દ્વારા ગ્રામ્ય ક્ષેત્રમાં ઘરે ઘરે, મોહલ્લે જઈ કોંગ્રેસ પક્ષની ન્યાય યોજના તથા ભાજપ સરકારની વહિવટી નિષ્ફળતા પ્રત્યે ધ્યાન દોરી ફરી જાસામાં ન આવી અને ગરીબોની સરકાર લાવી અને ખેડૂતો, ખેતમજૂરો, માલધારીઓ, વેપારીઓની ખુશી પાછી લાવવા અને કોંગ્રેસ પક્ષના ઉમેદવારની તરફેણમાં મતદાન કરી ભાજપ સરકારને હટાવી પરિવર્તન લાવવ ગ્રામ્ય પ્રજાને અનુરોધ કર્યો હતો.

આ પ્રચારમાં ઉમેદવાર નીતેશ લાલણ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિરમભાઈ ગઢવી, દેવેન્દ્રસિંહ જાડેજા, નવીનભાઈ ફફલ, વાલજીભાઈ દનિચા, હાજી સલીમ જત, આપના સંજય બાપટ, યુવરાજસિંહ જાડેજા વગેરે આગેવાનોએ મુંદરા પંથકના ધ્રબ, નાના કપાયા, મોટા કપાયા, પ્રાગપર, ટુંડા, વિરાણિયા, સમાઘોઘા, પ્રાગપર-૨, બરાયા, ભોરારા, મંગરા વગેરે ગામોનો પ્રવાસ કરી પ્રજાજનો સાથે મળી સભાઓ-મિટીંગો યોજી અને મુખ્યત્વે ઉમેદવાર નીતેશ લાલણની સ્વચ્છ પ્રતિભાને ધ્યાનમાં રાખી અને ઈમાનદાર અને રાષ્ટ્ર સેવા માટે તત્પર નીતેશભાઈ લાલણ માતંગને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી. હાજર વકતાઓએ દેશની આર્થિક સ્થિતિ નબળી પડી રહેલ છે. ભાજપની સરકાર અણઘડ નીતિના પરિણામે દેશ દેવાદાર બની ગયેલ છે. દેશની જે રાષ્ટ્રીય સંપતિઓ કોંગ્રેસ પક્ષે આઝાદી પછી નિર્માણ કરી અને જતન કરેલ તે તમામ સંપતિઓનું ખાનગીકરણ કરી ભાજપની સરકાર વેચી રહી છે. સરકારની કેન્દ્રીય એજન્સીઓ સીબીઆઈ, ઈડીનો દુરૂપ્રયોગ કરી અને ફકત વિપક્ષના નેતાઓને લક્ષ્ય બનાવવામાં આવેલ છે. જે દેશની લોકશાહી સામે ખતરો ઉભો થઈ રહેલ છે. આવા સંજોગોમાં કોંગ્રેસ પક્ષના હાથ મજબૂત કરવા અને કોંગ્રેસની પડખે રહેવા મુંદરા પંથકની પ્રજાને અનુરોધ કર્યો હતો. આ પ્રવાસ દરમ્યાન તમામ સ્થળોએ ઉષ્માભર્યો આવકાર મળ્યો હતો.

પ્રવાસ દરમ્યાન કોંગ્રેસ પક્ષના લોકસભાના ઉમેદવાર નીતેશ લાલણ સાથે સ્થાનિક આગેવાનો ઈમરાન જત, વીરમભાઈ ગઢવી, મીઠુભાઈ મહેશ્વરી, રામભાઈ ગઢવી, આશારિયા ગઢવી, વિજય બડિયા, મેરૂભા જાડેજા, તાલુકા પંચાયતના સદસ્યો, સુરેન્દ્રસિંહ ઝાલા, કરશન રામાણી, અલ્તાફ રેલિયા, રમીલા માતંગ, જાવેદ પઠાણ, ભરત પાતારિયા, વિજય બડિયા વિ. આગેવાનો પ્રવાસમાં જોડાયા હતા. એવું લોકસભા મીડિયા કો-ઓર્ડિનેટર ગનીભાઈ કુંભાર તથા સંકલન વિભાગના ધીરજ ગરવાએ જણાવ્યું હતું.

# પિતૃઓના મોક્ષાર્થે ભુજ સ્વામિનારાયણ મંદિરે ભાગવત સપ્તાહ પારાયણનો પ્રારંભ






### ગૌ માતાના લાભાર્થે યોજાનારી કથામાં ૪૦૧ પોથી મુકાઈ : શનિવારે પ્રસાદી મંદિરેથી વાજતે ગાજતે નિકળેલી પોથી યાત્રામાં બહોળી સંખ્યામાં ભક્તો જોડાયા

ભુજ : ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે સર્વે પ્રિયજનોનાં મોક્ષાર્થે તથા ગૌ માતાના લાભાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવમ્ નારાયણયજ્ઞનો આજથી પ્રારંભ થયો છે. ભાગવત કથામાં ૪૦૧ જેટલી પોથીઓ મુકવામાં આવી છે. આજથી શરૂ થયેલી કથાની પૂર્ણાહૂતિ આગામી તા. ૨૭ એપ્રિલના થશે. કથા દરમ્યાન આવતાં વિવિધ પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

આજે સવારે મંદિરના સંત સમુદાય દ્વારા દિપપ્રાગટ્ય સાથે કથાનો પ્રારંભ થયો હતો. સાત દિવસ ચાલનારી કથામાં વક્તા સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી દેવવિહારી દાસજી કથાનું રસપાન કરાવશે. કથાના પ્રારંભે વ્યાસસ્થાનેથી કથાના મહાત્મયનું વર્ણન કરવામાં આવ્યું હતું. કથા દરમિયાન સભા સંચાલક તરીકે સ્વામી હરિકૃષ્ણદાસજી, કૃષ્ણજીવન દાસજી સહયોગી બન્યા હતા.

કથા દરમિયાન સ્વામી શ્રીજીનંદદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી અને કપીલમુનીદાસજીએ સંગીતની સુરાવલી રેળાવી હતી. ભાગવત સપ્તાહ નિમિત્તે દરરોજ સવારે ૭ કલાકે સમૂહ પૂજન કરવામાં આવશે. કથાશ્રવણનો સમય સવારે ૮થી ૧૧ અને સાંજે ૩:૩૦થી ૬:૩૦ રહેશે. તા.૨૩ના સવારે હનુમાન જયંતી નિમિત્તે હનુમાનજીનો અભિષેક અને અન્નકૂટનું આયોજન કરાયું છે, તા.૨૩ના સાંજે રામ જન્મોત્સવ, તા.૨૪ના કૃષ્ણ જન્મોત્સવ, તા. ૨૫ ના ગૌવર્ધન ઉત્સવ, તા.૨૬ ના રૂક્ષ્મણી વિવાહના પ્રસંગો ઉજવાશે, તા.૨૭ ના સાંજે ૫:૩૦ કલાકે મહાઆરતી બાદ કથાની પૂર્ણાહૂતિ થશે, તા.૨૮ના સવારે નારાયણ યજ્ઞનું આયોજન કરાયું છે.

ગઈકાલે પ્રસાદી મંદિર ખાતે થી વાજતે ગાજતે કાઢવામાં આવેલ પોથી યાત્રામાં ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદ્જીવન દાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત, સ.ગુ. સંતોમાં સનાતનદાસજી, જગતપાવન દાસજી, મુક્તજીવન દાસજી, શ્રીહરિદાસજી વગેરે સંતો સમૂહ શ્રીમદ્ ભાગવત કથાના મુખ્ય યજમાન અ.નિ પરેશભાઈ ધીરજભાઈ, ધ.પ ગં.સ્વ. જીજ્ઞાબેન, મનીષાબેન નિલેશભાઈ ધીરજભાઈ સરસાવાડીયા પરિવાર આદી પોથી યજમાનશ્રીઓ પોથી ગ્રહણ કરી સુશોભીત રથોમાં બિરાજીત થયા હતા. સંપ્રદાયના મંડળ ધારી સંતોમાં સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, બાલકૃષ્ણ દાસજી, કેશવજીવન દાસજી, લક્ષ્મી પ્રસાદદાસજી, દેવપ્રકાસ દાસજી, પુરુષોતમ સ્વરૂપદાસજી, ગોલક વિહારીદાસજી, વિશ્વપ્રકાશ દાસજી, પ્રભુજીવનદાસજી, ચંદ્રપ્રકાસ દાસજી, કૃષ્ણજીવન દાસજી, જયકૃષ્ણદાસજી, મુખ્ય કોઠારી મૂરજીભાઈ શિયાણી, ઉપકોઠારી જાદવજીભાઈ ગોરસીયા, સલાહકાર સમિતિના રામજીભાઈ વેકરીયા, આદી સંતો, ટ્રસ્ટીઓ સાંખ્ય યોગી બહેનોની બાઈઓના મંદિરના મહંત સા.યો શામબાઈ ફઈ અને યજમાન પરિવારો આ પોથીયાત્રામાં જોડાયા હતા. સતત ૧૨ વર્ષથી ગૌસેવાના લાભાર્થે આ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવે છે.

# ગુજરાતના ૩૫૦ કલાકારોની પ્રસ્તુતિથી રંગાયુ પ્રભાસ

### કચ્છમાંથી સંસ્કાર ભારતીના કાર્યકરો કાર્યક્રમમાં જોડાયા



સોમનાથ : અખિલ ભારતીય કલા સંસ્થા સંસ્કાર ભારતી ગુજરાત આયોજીત પ્રભાસોસ્તવ-૨૦૨૪ ગુજરાત સંગીત નાટક અકાદમી અને સોમનાથ ટ્રસ્ટના સહયોગથી ગીર સોમનાથ ખાતે આવેલા રામ મંદિર ઓડિટોરિયમ ખાતે ગુજરાતના ૨૦ જિલ્લાના ૩૬૨ કલાકારોની ઉપસ્થિતીમાં રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભારતનાટ્યમ, કથ્થક, રાસ ગરબા, નાટક, ભજન, સુગમ સંગીત, લોકસંગીત લોક સાહિત્યની રાત્રી દરમ્યાન કૃતીઓ પ્રસ્તુત કરી ઉપસ્થિત જનમેદનીના દિલ જીતી લીધા હતા.

સમારંભના અધ્યક્ષ તરીકે ગીર સોમનાથના કલેકટર ડી.ડી. જાડેજાએ સોમનાથના આંગણે ગુજરાતની કલાનુ મંચન થાય છે તે માટે હર્ષ વ્યકત કર્યો હતો. સોમનાથ સંસ્કૃત યુનિ.ના નરેન્દ્રભાઈ પંડયાએ સંસ્કૃતિને ધ્યાનમાં લઈને કરાતા કાર્યક્રમ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. ભકત કવિ નરસિંહ મહેતા યુનિ. જુનાગઢના કુલપતિ ડો. ચેતન ત્રિવેદીએ સહકાર આપવાની ખાતરી આપી હતી.

કાર્યક્રમમાં એસ.ડી.એમ. વિનોદ જોશી, સુનિલ મકવાણા, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાના પીનાકી મેઘાણી, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા,સંસ્કાર ભારતીના ઉપાધ્યક્ષ રમણીક ઝાપડિયા, લોકગાયક અભેસિંહ રાઠોડેએ ઉપસ્થિત રહી કલાકારો સંસ્કાર ભારતીના કાર્યમાં નવો જોમજુસ્સો પુરો પાડ્યો હતો. કલાકારો મહેન્દ્રભાઈ અણદાણી, રમણીક ઝાપડિયા, વિપુલભાઈ ત્રીવેદી, અશ્વીનભાઈ બરાસરાનું સન્માન કરવામાં આવ્યું હતું. સૂર્યાસ્ત સાંજે સાતથી ચાલુ થયેલ કાર્યક્રમ સવારે સાડા છએ સૂર્યોદય સુધી ચાલેલ, જ્યાં ઉપસ્થિત સમગ્ર કલાકારોએ સંસ્કૃત યુનિ.ના ઋષિકુમારો દ્વારા થયેલા મંત્રોચ્ચાર સાથે સૂર્યને અર્ધ્ય આપ્યો હતો. વીર શહિદ હમીરજીના પૂતળાથી મંદિર ઓડિટોરિયમ સુધી કલાકારોએ ઢોલ-શરણાઈના નાદ સાથે રંગયાત્રા કાઢવામાં આવી હતી. જે યાત્રાએ શહેરમાં આકર્ષણ જમાવ્યું હતું. સંચાલન સુરુભા જાડેજા અને મિલન જોશીએ, જ્યારે ઉદઘાટન સમારંભનુ પ્રભાસોસ્તવના મુખ્ય સંચાલક કચ્છના જાણીતા રંગમંચના કલાકાર પંકજ ઝાલાએ અને રંગારંગ કાર્યક્રમનુ સંચાલન પ્રવીણ ખાચરે કર્યું હતું.

વ્યવસ્થામાં કચ્છના આશુતોષ મહેતા, પ્રકાશ ગોસ્વામી, નરેન ગોસ્વામી સાથે રહ્યા હતા. આભારવિધિ મહામંત્રી જયદિપસિંહ રાજપૂતે કરી હતી. ગુજરાતી સુગમ સંગીત અને લોકસંગીતનો જાહેર કાર્યક્રમમાં કેતન દવે દ્વારા ભજનો સુગમ સંગીતની પ્રસ્તુતિ સાથે ઉપસ્થિત જનમેદની ગરબાના તાલે ઝુમ્યા હતા.

### લાલન કોલેજના રસાયણ શાસ્ત્ર ભણતા વિદ્યાર્થીઓએ સોલારીસ કેમટેકની મુલાકાત લીધી

ભુજ : અહીંની આર.આર. લાલન કોલેજના રસાયણ શાસ્ત્ર વિભાગમાં ભણતા વિદ્યાર્થીઓએ સોલારીસ કેમટેક ઈન્ડસ્ટ્રીઝ લિ. ખાવડાની મુલાકાત કરી હતી. જેમાં રસાયણ શાસ્ત્રમાં ભણતા ૨૦ વિદ્યાર્થીઓએ કેમટેક ઈન્ડસ્ટ્રીઝ લિ.ની મુલાકાતનો મુખ્ય ઉદેશ એ હતો કે, વિવિધ ડોમેન્સનું અન્વેષણ કરવા, ટેકનોલોજી અને ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાતા સોફટવેરના ઉત્પાદન દરમિયાન સામેલ વિવિધ પ્રક્રિયાઓને સમજવા પર કેન્દ્રીત હતું.

# વડવા કાંયાની જમીન બાબતે નખત્રાણા કોર્ટનો ધાક બેસાડતો ચૂકાદો

નખત્રાણા : તાલુકાના વડવા કાંયા ગામે આવેલી આ કામના વાદી હિરજી હંસરાજ પટેલ તથા નારાણ હંસરાજ પટેલના વારસદારે તેમની ખેતીની જમીન પ્રતાપસિંહ ચાંદાજી કાંયાના વડીલો પાસેથી વર્ષ ૧૯૬૧માં અવેજ ચૂકવી વેચાણ લીધેલ છે.આ મિલકત ગેરકાયદેસર અને બદદાનતે પડાવી લેવા પ્રતિવાદી ધાક ધમકી કરે છે. આ બાબતે વાદીએ અધિક સિવિલ જજ નખત્રાણાની કોર્ટમાં દિવાની દાવો દાખલ કર્યો હતો. જે દાવો આધાર પુરાવા તેમજ મૌખિક લેખિત રજૂ કરતા ઝીણવટભરી તપાસ કરી અધિક સિવિલ જજ પી. બી. બોહરા દ્વારા વાદીઓનો દાવો મંજૂર કરવામાં આવ્યો. આ જમીન વાદીઓની માલિકી તથા કબ્જા ભોગવટાનું હોવાનું ઠરાવી આપેલ છે. પ્રતિવાદી કે તેમના મળતીયાઓએ અડચણ કે અંતરાય ન કરવા ધાક બેસાડતો હુકમ કર્યો છે. વાદી હિરજી હંસરાજ પટેલ વગેરેના એડવોકેટ તરીકે અરવિંદ આર. લીંબાણી તથા જીગ્નેશ સી. ધોળુએ હાજર રહી ધારદાર દલીલ કરી હતી.

# ભુજની જૂની રાવલવાડીમાં ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા

ભુજ : બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ મહેશ્વરી સમાજવાડી જૂની રાવલવાડી ખાતે ડો.બાબા સાહેબના ફોટોને સમાજના અગ્રણી વી.એસ. કટુઆ, કાનજીભાઈ ધુવા, હીરજીભાઈ પ્રેમજી, ગોપાલભાઈ ખાખલા, અર્જુનભાઈ એડીયા, લખનભાઈ ધુવા, વાછીયાભાઈ ફુલિયા, ખીમજીભાઈ ફફલ, વનીતાબેન બૌધ, વીણાબેન બૌધ, ધર્મેન્દ્રભાઈ બૌધ તથા સમાજના આગેવાનો, હોદેદારોએ મીણબતી પ્રગટાવી હારારોપણ કર્યું હતું અને બાળકોને શૈક્ષણિક કીટનું મહાનુભવ્વાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાત્રે ૧૨ વાગે કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.

રાત્રે યોજાયેલા ભજન સંધ્યામાં આરાધીવાણીના કલાકારોએ દલિત સમાજના સંતો દ્વારા રચાયેલા ભજનો પીરસવામાં આવ્યા હતા. તા. ૧૪-૪ના સવારે ભીમરાવ ગ્રુપના સભ્યો કોડકી રોડથી પ્રસ્થાન થયેલી રેલીમાં જોડાયા હતા. આ રેલીના આગેવાનો દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને હારારોપણ કર્યું હતું. બીજા દિવસે લોકકલાકારોએ ભીમ સાહિત્યને અનુરૂપ લોકગીતો રજુ કરી રાસ ગરબાના કાર્યક્રમમાં યુવક યુવતીઓએ જોરભેર ભાગ લીધો હતો. ત્યારબાદ કાર્યક્રમની પુર્ણાહુતિ થઈ હતી. પધારેલા સૌ મહેમાનો સમાજવતી આભાર માનવામાં આવ્યો હતો. આભારવિધિ ડી.એલ. મહેશ્વરી (કચ્છ જિલલા અધ્યક્ષ ડો. આંબેડકર પ્રચાર સમીતિ)એ કર્યું હતું.

# ભુજમાં રમજાન ઈદ નિમિત્તે દિવ્યાંગોને ભોજન કરાવાયું

ભુજ : સહકાર યુવક મંડળ ભુજ દ્વારા રમજાન ઈદ પ્રસંગે ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલમાં માનસિક દિવ્યાંગોને ભોજન કરાવાયું હતું અને સૌને ઈદ મુબારક પાઠવવામાં આવી હતી. કુંવર ઈન્દ્રજીતસિંહ જુવાનસિંહ જાડેજાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી તેઓને સન્માન પત્ર અર્પણ કર્યો હતો. કોમી એકતાના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી સમગ્ર કચ્છમાં ભાઈચારાની અનેરી જ્યોત જગાવી છે. શાંતિ-એકતા-સંપ-સંગઠન માટે કાર્ય કર્યું છે ત્યારે તેમની અનોખી સેવાઓને બિરદાવવામાં આવી હતી. હાજી ઈબ્રાહીમભાઈ હાલેપોત્રા, સિવિલ સર્જન ડો. કશ્યપ બૂચ, પ્રબોધ મુનવર, યુનુસભાઈ ખત્રી, આમદભાઈ જત, માલશી માતંગ, માવજીભાઈ ગોસ્વામી, હાજી ગફુર શેખ, સૈયદ અશરફશા બાવા, અઝિતભાઈ કોઠારી, મનસુખભાઈ નાગડા, રફીક બાવા, ઉમર સમા, અલીમામદ સમાના હસ્તે કુંવર ઈન્દ્રજીતસિંહને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યો હતો. સંચાલન ઝહીર અને આભારવિધિ ઈરફાન હાલેપોત્રાએ કરી હતી.

### અંજારના યુવાને ખેતીમાં છાંટવાની દવા પી જતાં મોત

અંજાર : શહેરમાં યુવાને ખેતીમાં છાંટવાની દવા પી જતાં મોત થયું હતું. આ અંગે અશ્વિનભાઈ રાઠોડે અંજાર પોલીસમાં જણાવ્યું હતું કે, કોઈ અગમ્ય કારણોસર ખેતીમાં છાંટવાની ઝેર દવા નરેન્દ્ર મોહન રાઠોડે પી લીધી હતી. જેને પ્રથમ સારવાર માટે ગાંધીધામની હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવતા ત્યારે રસ્તામાં મોત થયું હતું. જે અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### અંજાર તાલુકાના ચંદ્રનગરમાં ઝઘડાના મનદુ:ખે મારામારી

અંજાર : તાલુકાના ખોખરા નવા ગામ ચદ્રનગર ગામે રહેતા મહેશભાઈ મંગાભાઈ બોચિયા (ઉ.વ. ૩૦)એ ગામના ભુરભાઈ નારણભાઈ બોચિયા (રહે ખોખરા ચંદ્રનગર)એ સાથે અગાઉ ઝઘડો થયેલ હતો. તેનું મનદુઃખ રાખી મારર માર્યો હતો. જેથી અંજાર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.


**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ટેન્ડર નોટીસ (એનઆઈટી)**

**વાર્ષિક જાળવણી કરાર**

**ઈ-ટેન્ડર નોટીસ નં.: DRM (M) ADI/01/2024-25 તારીખ : 15.04.2024** નીચેના કામ માટે યોગ્ય કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **કામનું નામ :** ત્રણ વર્ષના સમયગાળા માટે અમદાવાદ ડિવિઝનના મીકેનીકલ વિભાગ હેઠળ અગ્નિશામકોના નિરીક્ષણ, રીફીલીંગ, હાઈડ્રોલીક પ્રેશર, લેબલિંગ અને ખરાબ પાર્ટ્સને બદલવા સહિત સર્વગ્રાહી વાર્ષિક જાળવણીનો કરાર. **ટેન્ડર નં.: M 442/Mech/FireEx/2023-24 કામની અંદાજિત પડતર :** ₹ 1,29,22,390.98/- (₹ એકે કરોડ ઓગણત્રીસ લાખ બાવીસ હજાર ત્રણસો નેવુ અને અઠ્ઠાણુ પૈસા પુરા **બીડ સિક્યોરીટી (અર્નેસ્ટ મની ડિપોઝીટ) :** ₹ 2,14,700/- (₹ બે લાખ ચૌદ હજાર સાતસો પુરા) **ટેન્ડર બંધ થવાની અને ખોલવાની તારીખ અને સમય :** બંધ થશે 06.05.2024 ના 15.00 કલાકે. અને ખુલશે 06.05.2024 ના 15.30 કલાકે. **વેબસાઈટની વિગતો અને નોટીસ બોર્ડનું સ્થાન જ્યાંથી ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર આમંત્રિત કરનાર સત્તામંડળની કચેરીનું સરનામું :** http://www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનીકલ), (પ.રે.), 2જો માળ, મિકેનીકલ શાખા, ચામુંડા બ્રીજ પાસે, નરોડા રોડ, પોસ્ટ : સૈજપુર બોઘા, અમદાવાદ-382345

001

અમને લાઈક કરો: facebook.com/WesternRly





















**:: ગાંધીધામ નગરપાલિકા ::**

**::: જાહેર નોટીસ :::**

**(નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૮૨)**

**આપત્તિ અને વ્યવસ્થાપન**

**વર્ષ: ૨૦૨૪-૨૫**

ગાંધીધામ નગરપાલિકા વિસ્તારના તમામ પ્રકારની ખાનગી / જાહેર મિલ્કત ધારકો /ભોગવટો કરનાર તમામને આ જાહેર નોટીસ થી જણાવવામાં આવે છે કે, જેઓની મિલ્કત જર્જરીત/ ભયજનક તેમજ પડી શકે તેમ હોય, તો તે મિલ્કત તાકિદે ઉતારવાની / મરામત કરવાની કાર્યવાહી કરવી અન્યથા તે પડવાથી કોઈ પ્રકારનું જાન-માલનું નુકશાન થશે તો તે મિલ્કત ધારક /ભોગવટો કરનાર ની પોતાની જવાબદારી રહેશે. તેમજ નગરપાલિકાના ઉપરોકત દર્શાવેલ નિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

નોંધ:- જે મિલ્કતમાં દાવા ચાલતા હોય, તેવા કિસ્સામાં થયેલ હુકમને આધિન અમલવારી કરવાની રહેશે.

**મુખ્ય અધિકારી**
**ગાંધીધામ નગરપાલિકા**

કચ્છમાં ગુંજ્યો જિનશાસનના જય જયકારનો નાદ

# ભગવાન મહાવીરે સમાજને અહિંસા, કરૂણા અને જીવદયા જેવા જીવનમૂલ્યોની આપી ભેટ



ગાંધીધામ

**જિલ્લા મથક ભુજ ગાંધીધામ સહિત કચ્છભરમાં સર્વે જૈનસંઘો દ્વારા ભગવાન મહાવીરનો જન્મ કલ્યાણક મહોત્સવ ઉમંગભેર ઉજવાયો : શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય રવાડીએ જમાવ્યું આકર્ષણ**


ભુજ

ભુજ : મહાવીર જન્મ કલ્યાણક એ જૈન સમુદાયનો સૌથી મોટો તહેવાર છે. મહાવીર જયંતી પવિત્ર દિવસ ગણાય છે. આજના પાવન દિવસે જૈન ધર્મના ચોવીસમા તેમજ છેલ્લા તિર્થંકર મહાવીર સ્વામીનો જન્મ થયો હોવાથી આજના દિવસને મહાવીર જયંતી એટલે કે મહાવીર જન્મ કલ્યાણક તરીકે ઉજવવામાં આવે છે.

જિલ્લા મથક ભુજમાં જૈન સમુદાય દ્વારા મહાવીર જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભુજ શહેરના મુખ્ય માર્ગોને સુશોભિત કરાયા હતા. આજે સવારે ભુજમાં સમસ્ત જૈન સમાજ દ્વારા ભગવાનની રવાડી નિકળી હતી. આદિનાથ જીનાલયથી મહાવીર જન્મ કલ્યાણક સમિતિ દ્વારા શોભાયાત્રા નીકળી હતી. જેમાં વિવિધ ઝાંખીઓએ આકર્ષણ જમાવ્યું હતું. ભુજ શહેરના છઠ્ઠીબારી રીંગરોડ, બસપોર્ટ, અનમ રીંગરોડ, જૈન વંડા વિસ્તારમાં રવાડીએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

આ ભવ્ય શોભાયાત્રામાં સાફા અને ખેસથી સજ્જ શ્રેષ્ઠીઓ દ્વારા સાચા ફુલોથી સુશોભિત પ્રભુજીના રથને પ્રસ્થાન કરાવાયું હતું. સાધુ - સાધ્વીજી અને શ્રાવમ - શ્રાવીકાઓથી ચતુર્વિધ સંઘ, મહાવીર સંગીત કલાક બેન્ડ, મયુરાસન ઈન્દ્રધામ વિવિધ વેશભુષાથી સજ્જ સંઘના બાળકો, શિસ્તબધ્ધ બાળકોની સાઈકલ યાત્રા, પ્રભુ વીરનો સંદેશ આપતી વિશાળ કમાન વગેરેએ આકર્ષણ જમાવ્યું હતું.

ભુજ જૈન સાત સંઘના પ્રમુખ સ્મિતભાઈ ઝવેરીએ જણાવ્યું હતું કે, ભગવાન મહાવીર એ વિશ્વને અહિંસા, કરૂણા અને જીવદયાનો પ્રેરક સંદેશ આપ્યો છે. તેમણે ભગવાન મહાવીરે દર્શાવેલા મુલ્યોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. તપગચ્છ જૈન સંઘના મેનેજીંગ ટ્રસ્ટી નિલેશભાઈ પ્રાણજીવન મહેતાએ જણાવ્યું હતું કે, આજના પવિત્ર દિવસે સર્વે જૈન સંઘો સાથે જોડાઈને ઉજવણી કરી રહ્યા છે. ગરીબોને અન્નદાન જીવદયાની પ્રવૃતિ સાથે ભગવાન મહાવીરનો જન્મ કલ્યાણક મહોત્સવ ભક્તિ ભાવ સાથે ઉજવાઈ રહ્યો છે.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, ભુજના નગર અધ્યક્ષા રશ્મિબેન સોલંકી સહિતના રાજકીય અને સામાજીક આગેવાનોએ શોભાયાત્રાના દર્શનનો લાભ લઈ જૈન સમુદાયને ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી. પંકજભાઈ મહેતા, ભરતભાઈ સંઘવી, રેશ્માબેન ઝવેરી, દિલીપભાઈ શાહ, તાપશ શાહ, ધીરેનભાઈ લાલન, કૌશલ મહેતા, પ્રબોધભાઈ મુનવર, શીતલભાઈ શાહ વગેરે ઉપરાંત સમસ્ત જૈન સંઘના પ્રમુખો, કારોબારી સભ્યો, વિવિધ જૈન સમાજના પ્રમુખો, જૈન યુવા ગ્રુપના હોદ્દેદારો ઉજવણીમાં જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહાવીર જન્મ કલ્યાણક એટલે કે મહાવીર જયંતિ





જૈન ધર્મના અનુયાયીઓ માટે પવિત્ર દિવસ ગણાય છે. આ દિવસને કચ્છ સહિત દેશભરમાં જૈન સમુદાય તહેવાર તરીકે ઉજવે છે. મહાવીર જયંતિનો દિવસ વીર તેરસ તરીકે પણ ઓળખાય છે. આ દિવસે જૈન ધર્મના ૨૪ માં અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થયો હતો. તેમનો જન્મ ભારતીય વૈદિક પંચાગના વિક્રમ સંવત ચૈત્ર સુદ ૧૩ના થયો હતો. તેમણે સમાજને સત્ય અને અહિંસાનો માર્ગ બતાવ્યો હતો. મહાવીર જયંતિ નિમિત્તે જૈન દેરાસરોમાં જઈ પૂજા, અર્ચના કરે છે. જિલ્લા મથક ભુજ સહિત કચ્છભરમાં મહાવીર જયંતિની ભારે હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

---

કેડીઆરસીએ ગાંધીધામનું ગૌરવ

# બે ખેલાડીઓની એનસીએ કેમ્પ માટે પસંદગી : અભિનંદન વર્ષા

- નેશનલ ક્રીકેટ એકેડમીના શિબિરમાં કચ્છ ડીસ્ટ્રીક્ટ રૂરલ ક્રીકેટ એકેડમીના આશાબા વાઘેલા અને હરવંશસિંહ શૈનીની પસંદગી
- આગામી દિવસોમાં નાગપુર-પોંડીચેરી ખાતેના કેમ્પમાં લેશે ભાગ
- ગત વર્ષે કેડીઆરસીએના ૪ ખેલાડીઓની એનસીએ કેમ્પ માટે થઈ હતી પસંદગી


હરવંશસિંહ શૈની


આશાબા વાઘેલા

ગાંધીધામ : કચ્છ ડીસ્ટ્રીકટ રૂરલ ક્રીકેટ એસોસીએશન સાથે સંકળાયેલા ખેલાડીઓની વરસાવરસ વિવિધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથેની સિદ્ધીઓમાં વધુ એકનો ઉમેરો થવા પામી રહ્યો છે. આ બાબતે કેડીઆરસીએ ગાંધીધામની યાદીમાં જણાવાયા અનુસાર ચાલુ વરસે પણ આ સંસ્થાના બે ખેલાડીઓએ મુઠ્ઠી ઉંચેરી સિદ્ધી હાંસલ કરી છે.

નેશનલ ક્રીકેટ એકેડમીના કેમ્પ માટે આ વખતે કેડીઆરસીના આશાબા વાઘેલા તથા હરવંશસિહ શૈનીની પસંદગી થવા પામી છે. આ બન્ને ખેલાડીઓ અનુક્રમે નાગપુર તથા પાંડીચર્રી ખાતે યોજનારા નેશનલ ક્રીકેટ એકેડમીના કેમ્પમાં ભાગ લેશે. અન્ડર ૧૯ માટેના નાગપુર ખાતે યોજાઈ રેહલા કેમ્પમાં ભાગ લેવા માટે આશાબા વાઘેલા આગામી દીવસોમાં ભાગ લેશે. તો અન્ડર ૧૯માં જ હરવંશસિહ શૈનીની પણ પોંડીચરી ખાતે યોજાનારા કેમ્પ માટે પસંદગી કરવામા આવી છે. આ બન્ને ખેલાડીઓએ ડીસ્ટ્રીકટ અને તે બાદ સ્ટેટ કેમ્પ તથા ટીમમોં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. કેડીઆરસીએ ગાંધીધામના મંત્રી શરદભાઈએ શેટ્ટીએ જણાવ્યુ હતુ કે, હરવંશસિહ શૈની નેશનલ બોર્ડમાં આ વખતનો ટોપ સ્કોરર એટલે કે શ્રેષ્ઠ દેખાવ કરનાર રહ્યો હતો. એનસીએના બન્ને ખેલાડીઓની પસંદગી થવા બદલ કેડીઆરસીએના પ્રમુખ શ્રી શેખરભાઈ અયાચી તથા શ્રી શરદભાઈશેટ્ટીએ હર્ષ અને ગૌરવની લાગણી વ્યકત કરતા કેડીઆરસીએ પરિવાર વતીથી બન્ને ખેલાડીઆને અભિનંદન આપ્યા હતા. નોધનીય છે કે, ગત વરસે કેડીઆરસીએ ગાંધીધામના ચાર ખેલાડીઓ એનસીએના કેમ્પ માટે પસંદગી પામ્યા હતા.

---

# અમદાવાદના બીગ ડેડી હુક્કાબારમાં દરોડા: ગાંધીધામ-ભુજ સહીતમાં તવાઈ ક્યારે?

**ગાંધીધામમાં ડીપીએ બિલ્ડીંગની સામેની અમુક બિલ્ડીંગસમાં ક્રીકેટ સટ્ટો અને હુક્કાબાર ધમધમત હોવાની છે ચર્ચા : પૈસાવાળાઓની બગડેલી ઓલાદો નાણા વાપરવા આવા ઠેકાણાઓ પર વધુ ડોકાતા હોવાની ચકચાર : મા-બાપ પૈસા કમાવવામાં પડયા છે અને બગડેલી અમુક ઓલાદો મજા માણવામાં છે વ્યસ્ત**




**અલગ અલગ ફલેવર્ડના હુક્કાઓ-ચિલમમાં નિકોટીન નાખીને વ્યસનના નવા તુત-તરકટો બેફામ ચાલતા હોવાની છે ચર્ચા : ગાંધીધામ સંકુલમાં અગાઉ પણ છુટાછવાયા હુક્કાબારના હાટડાઓ પર પડી ચુકયા છે દરોડા : નબીરાઓ અને હુક્કાની ચિલમ સહિતના મુદામાલ ઝડપાઈ ચૂકયા છે, સમ ખાવા પુરતા કિસ્સા કરવાના બદલે યુવાનોને બરબાદીના ખપ્પરમાં હોમતા આ અસામાજીક દુષણને ડામવા આગળ આવવુ હિતાવહ : હુક્કાબારના અલગ અલગ નીયમો-નિતીઓ છે, તેની અમલવારી આવા કેટલા હુક્કાબાર વાળા કરી રહ્યા છે? કેમ તેની સામુહીક ઝુંબેશ રૂપ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી?**

**કેટલાક આવારા છોકરાઓ આ મહેફીલો માણવા ચીલઝડપ કરતા હોય છે અને બાદમાં ગુનેગાર પણ બની જતા હોય છે..!**

ગાંધીધામ : રાજયના આર્થીક પાટનગર અમદાવાદ શહેરમાં બીગ ડેડી નામે આવેલા હુકકાબાર પર પીસીબીએ થોડા સમય પહેલા તવાઈ બોલાવી દીધી હતી અને સરખેજ વિસ્તારમાં આવેલા આ હુક્કાબારના અડ્ડા પર તવાઈ બોલાવી ત્યારે અહીથી અલગ અલગ પ્રકારના ફલેવરના ૩૦થી વધુ પેકેજ અને નિકોટીનનો જથ્થો કબ્જે કરી લીધો હતો.

અમદાવાદમાં જયારે આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે ત્યારે જાણકરો કહી રહ્યા છે કે, કચ્છમા પણ ગાંધીધામ-ભુજ સહિતના વિસ્તારમાં પણ સામુહીક તવાઈ કયારે બોલાવાવમાં આવશે? ડ્રગ્સ અને ગાંજો તથા હેરોઈનની પડીકીઓના મારફતે તો અહીના યુવાધનને નશાના રવાડે ચડાવવામા આવી રહ્યા છે અને તેના પ્રમાણ આપતા ઘટનાક્રમો પણ અહી પોલીસ ચોપડે માદક પદાર્થ સાથે શખ્સો ઝડપાતા સામે આવવા પામી જ ચૂકયા છે.

હાલમાં લોકસભાની ચૂંટણી અને તેની આદર્શ આચારસંહિતા લાગુ પડેલી હોવાથી કાયદો વ્યવસ્થાને ચુસ્ત દુરસ્ત રાખવાને માટે પોલીસતંત્ર પણ સજજ છે અને પાસા સહિતના પગલાઓ લેવાઈ રહ્યા છે. કુખ્યાત બુટલેગરો પકડાયા છે, સ્પાની આડમાં કુટણખાનાઓ પકડાયા છે, જુગાર-આંકડા સહિતના દુષણોને પણ ડામવામાં આવી જ રહ્યા છે. આવામાં અમદાવાદમાં જયારે હુક્કાબાર પર રેઈડ પડાઈ છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે, આ હુક્કાબારની ચીલમનો ધંધો અગાઉ કચ્છમાં ગાંધીધામ-ભુજ સહિતના વિસ્તારોમાં પણ ભારે ફુલયો ફાલ્યો રહી જવા પામ્યો છે. એવુ નથી કે પોલીસ ચોપડે આ ઘટનાઓ નથી ચડવા પામી, ગાંધીધામ શહેરમાં અગાઉ હુક્કાબાર પર દરોડાઓ પડયા જ છે અને તેમાં હુક્કાની વીવિધ ફલેવર્ડ સાથેના મુદામાલ અને ચીલમ ચુસનારા શોખીન નબીરાઓ પર પણ કેસ થવા પામી જ ચૂકયા છે. જયારે અમદાવાદમાં પીસીબીએ દરોડો પાડયો છે તેવા સમયે ફરીથી જાણકારો કહી રહ્યા છે કે, ભુજ અને ગાંધીધામમાં તો ફરીથી નશાની ચીલમો હુક્કાના નામે પીરસનારાઓ ફરી એકટીવ નથી બન્યા ને? પોલીસતંત્ર આ બાબતે પણ વક્રદ્રષ્ટી કરે તેમ કહેવુ વધારે પડતુ નહી મનાય. ગુજરાતભરમાં હુક્કાબારનો સટ્ટો ખાસ કરીને યુવાધનને તાર્ગેટ કરીને જ ફેલાવાયો હતો. એટલે કોલેજો અને તે કેમ્પસની આજુબાજુમાં રાજયના મોટા શહેરોમાં હુક્કાબાર અગાઉ મોટા પ્રમાણમાં ધમધમતા હતા. હર્બલ ફલેવરના નામે નાર્કોટીકસ ફલેવરનો ઉપયોગ કરી અને યુવાધનને નશાની લત્તે ચડાવાઈ રહ્યા હતા. ફરીથી કયાંક આવા હુક્કાબારના સટ્ટાઓ ગાંધીધામ સહિતના શહેર- સંકુલમાં વકરી નથી રહ્યા ને?

---

# સલમાનખાન ફાયરીંગ કેસ । કચ્છથી બે શાર્પસુર્ટસ્ને ઝડપ્યા બાદ મુંબઈ પોલીસની મોટી કાર્યવાહી : લોરેન્સ ભણી ગાળીયો

**યે તો સિર્ફ ટ્રેઈલર હે, પિકચર અભિ બાકી હે, આવુ કહી અને હુમલાની જવાબદારી લેનાર લોરેન્સનો ભાઈ અનમોલ યુએસ અથવા કેનેડામાં હોવાની આશંકા વચ્ચે તેમના તરફ પોલીસે લંબાવી છે તપાસ : કચ્છથી ઝડપાયેલા બન્ને સાર્પ સુટર્સે અનમોલના ઈશારે જ ઘટનાને આપ્યો હતો અંજામ**

ગાંધીધામ :બોલીવુડ અભિનેતા સલમાન ખાનના ઘર પર ફાયરીંગના કેસમાં પોલીસે કચ્છના છેવાડાના રહસદી વિસ્તારમાંથી બે શાર્પ શુર્ટસને પકડી પાડી તેમની દસ દીવસની કસ્ટડી-રીમાન્ડ મજુર કરી અને વધુ તપાસનો દોર હાથ ધર્યો છે ત્યારે હવે વધુ કેટલાક ખુલાસાઓ સામે આવવા પામી રહયા છે. આ બાબતે જાણવા મળતી વધુ વિગતો અનુસાર સલમાન ખાનના ઘર પર ફાયરીંગના કાંડમાં કચ્છમાથીબેશાર્પસુટર્સને પકડી પાડયા બાદ હવે જેના ઈશારે આ કાંડને અંજામ અપાયો હતો તેવો લોરેન્સ અને તેનો ભાઈ અનમોલ તરફ પોલીસે ગાળીયો કસી દીધો હોવાના અહેવાલો સામે આવ્યા છે.

૧૪ એપ્રિલે સલમાન ખાનના ઘરે ફાયરિંગ થયું હતું. પોલીસે આ હુમલાને અંજામ આપનાર આરોપીની ધરપકડ કચ્છના છેવાડાના સરહદી વિસ્તારમાથી કરી લીધી છે. મુંબઈ પોલીસે બોલિવૂડ અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટનામાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેના નાના ભાઈ અનમોલ બિશ્નોઈને ‘વોન્ટેડ આરોપી’ જાહેર કર્યા છે. એક અધિકારીએઆ માહિતી આપી હતી.

અધિકારીએ જણાવ્યું કે આ અઠવાડિયાની શરૂઆતમાં આ કેસમાં ધરપકડ કરાયેલા વિકી ગુપ્તા અને સાગર પાલને કથિત રીતે બિશ્નોઈ ભાઈઓ પાસેથી સૂચનાઓ મળી રહી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે લોરેન્સ બિશ્નોઈ અન્ય કેસમાં ગુજરાતની સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે, પરંતુ તેનો ભાઈ કેનેડા અથવા યુએસમાં હોવાનું માનવામાં આવે છે. તેમણે કહ્યું કે મુંબઈ પોલીસ ટૂંક સમયમાં લોરેન્સની કસ્ટડી માંગી શકે છે. લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સલમાનના ઘર પર થયેલા હુમલાની જવાબદારી લીધી હતી. તેણે હુમલાને માત્ર ટ્રેલર ગણાવ્યો હતો.



અધિકારીએ એમ પણ કહ્યું કે પોલીસની ક્રાઈમ બ્રાન્ચ, જે કેસની તપાસ કરી રહી છે, તેણે ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) (મૃત્યુની ધમકી અથવા ગંભીર ઈજા સાથે ફોજદારી ધમકી) અને ૨૦૧ (જેના કારણે ગુમ થવું) હેઠળ કેસ નોંધ્યો છે. પુરાવા અથવા ગુનેગારને બચાવવાનો પ્રયાસ) એફઆઈઆરમાં ઉમેરવામાં આવ્યો છે. સલમાનના ઘર પર હુમલો કરનારાઓની કચ્છમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

૧૪ એપ્રિલની સવારે સલમાન ખાનના બાંદ્રા સ્થિત ‘ગેલેક્સી એપાર્ટમેન્ટ’ પર બે મોટરસાઈકલ સવારોએ ગોળીબાર કર્યા બાદ પોલીસે IPCની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળ FIR નોંધી હતી. ૧૬ એપ્રિલે પોલીસે ગુજરાતનાકચ્છમાંથી વિકી ગુપ્તા અને સાગર પાલની ધરપકડ કરી હતી. અધિકારીઓએ દાવો કર્યો હતો કે ગુપ્તા મોટરસાઈકલ પર સવાર હતા ત્યારે પાલે કથિત રીતે ગોળીબાર કર્યો હતો.

ઘટના પછી, અનમોલ બિશ્નોઈના નામ પર કરવામાં આવેલી એક ફેસબુક પોસ્ટ સામે આવી હતી જેમાં હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું કે જે IP એડ્રેસ પરથી પોસ્ટ અપલોડ કરવામાં આવી હતી તે પોર્ટુગલનું હોવાનું જાણવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે ફાયરિંગની ઘટનાના ત્રણ કલાક પહેલા તેને અપલોડ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે અનમોલના નામનું ફેસબુક એકાઉન્ટ વિદેશી મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું. આગામી સમયમાં અનમોલ તરફ ગાળીયો કસાઈ રહયો છે ત્યારે આ કેસમાં મુંબઈથી લઈ અને કેનેડા-અમેરીકા ઉપરાંકત કચ્છમા પણ આવેલા શાર્પસુર્ટસની સ્થાનિક કડીઓ પણ ખુલવા પામીશકે તેવી આશંકાઓ પ્રબળબ

---

# દરશડીની વાડીમાં કપાસના તોલમાપ મુદ્દે થયેલી માથાકુટમાં આખરે ફોજદારી

**મારામારીથી બચવા ભાગવા જતા આધેડ પડી જતાં થયું હતું મોત : ગઢશીશા પોલીસમાં ૧૦ ઈસમો સામે મારામારીની દાખલ થઈ ફરિયાદ**

ભુજ : માંડવી તાલુકાના દરશડી ગામે કપાસની ખરીદીમાં તોલમાપ કરવામાં ગરબડી થતી હોવાના કારણે ખેડૂત અને વેપારીઓ વચ્ચે ડખ્ખો થયો હતો. સામસામે મારામારી થતાં મારથી બચવા માટે વેપારી સાથે આવેલા મજૂર ભાગ્યા હતા. જેમાં પડી જતાં તેઓનું મોત થયું હતું. શંકાસ્પદ મોત હોવાના કારણે જામનગર એફએસએલમાં પરીક્ષણ કરાવાયું હતું. જામનગરથી દેહ આવી જતાં પરિવારજનોએ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. જવાબદારો સામે ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી માંગ સાથે ગઈકાલે રાત્રે ગઢશીશા પોલીસ મથકે હતભાગીના પરિવારઅને સમાજના લોકો ભેગા થયા હતા. કાર્યવાહીની માંગના કારણે ભુજથી ડીવાયએસપી આર.ડી. જાડેજા સ્થળ પર પહોંચી ગયા હતા. પરિવારને પોલીસ કાર્યવાહીથી વાકેફ કરી યોગ્ય કાર્યવાહી માટેની ખાતરી આપતા પરિવારે સંતોષ વ્યક્ત કરી દેહ સ્વીકારી લીધો હતો. તે બાદ મારામારી સંદર્ભે ગઢશીશા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

હતભાગી શિરવા ગામના હાજી મામદ હાસમ સીરૂના જણાવ્યા પ્રમાણે તે અને સાહેદો દરસડી ગામની સીમમાં આવેલી પ્રવીણ દેવજી જબુઆણીની વાડીમાં કપાસની ખરીદી કરવા માટે ગયા હતા. કપાસનું વજન કરતી વખતે પ્રવીણે વજન કાંટો ખોટો છે. વજન સાચુ આવતું નથી તેમ જણાવી ઓસમાણ ઈસ્માઈલ સીરૂ સાથે બોલાચાલી કરી હતી. એ બાદ ઓસમાણ ઈસ્માઈ તેમજ પ્રવીણ જબુઆણી તેમના માણસો સાથે વજન કાંટો ભુજ લઈ ગયા અને ચેક કરાવી વાડી પર લઈ આવ્યા સમાધાન પણ થઈ ગયું આ દરમિયાન અનિલસિંહ જાડેજા, જયુભા, મુરૂભા, કલ્પેશસિંહ, રોહિતસિંહ તથા તેની સાથે આવેલા બીજા ૫ અજાણ્યા માણસોએ પ્રવીણ જબુઆણીને કહ્યું કે, કપાસ ખરીદનારા માણસો આ જ છે. તેમ કહી ફરિયાદીને ગાળો આપી હતી. આરોપીઓ ધોકા અને હોકી લઈને આવ્યા હતા. ફરિયાદી અને સાહેદો કાંઈ સમજે તે પહેલા માર મારવાનું શરૂ કરી નાખ્યું હતું. મારામારી જોઈ ફરિયાદીના પિતા હાસમ ઉંમર સીરૂને પણ આરોપીઓ મારમારવા આવતા હોઈ તેઓ ભાગ્યા હતા. જયાં જમીન પર પડી જતાં બેભાન થઈ જવાના કારણે મોત થયું હતું. ગઢશીશા પોલીસે મારામારીની વિવિધ કલમો તળે ગુનો દાખલ કર્યો છે. આગળની તપાસ પીઆઈ કે.એસ. ચૌધરી દ્વારા હાથ ધરવામાં આવી છે.